પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૫, અંકઃ૧૦૩, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૩-૧૨-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 103 PRICE :-RS. 1.50 DATE : 23-12-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## માહિતી ખાતાની પરીક્ષામાં ગેરરીતી : ભ્રષ્ટાચાર અને ભાજપને સગા ભાઈ-બહેન જેવો સંબંધ છે : મોઢવાળિયા



અમદાવાદ,

અર્જૂનભાઈ મોઢવાળિયાએ માહિતી ખાતાની ભરતીમાં થયેલી ગેરરીતી મુદ્દે પત્રકાર પરિષદ યોજી. તેમણે આરોપ લગાવ્યો કે આ નવું ભરતી કૌભાંડ કમલમ પ્રેરિત છે. અર્જૂનભાઈ મોઢવાળિયાએ કહ્યું કે આખા દેશમાં ક્લાસ ૧ અને ક્લાસ ૨ની ભરતી કરવાની હોય તો ભારતના અને આપણા રાજ્યોના કાનૂન મુજબ ભારત સરકાર યૂનિયન પબ્લિક સર્વિસ કમિશન મારફતે ભરતી કરે છે અને રાજ્યો હોય તો રાજ્યોના પબ્લિક સર્વિસ કમિશન મારફતે ભરતી કરવાની હોય છે. અત્યાર સુધી આ પ્રક્રિયા જળવાઈ છે અને કાયદા મૂજબ ક્લાસ ૧-૨ની ભરતી પબ્લિક સર્વિસ કમિશન મારફતે જ કરાવવામાં આવે છે, બાકીની રીતે કાયદો સુધાર્યા વગર આવી ભરતી કરવામાં આવે તો ભરતી સંપૂર્ણપણે ગેરકાયદેસર ઠરે છે.

અર્જૂનભાઈએ આગળ જણાવ્યું કે, આ વખતે પહેલીવાર એવું બન્યું કે માહિતી અધિકારીઓ જે ક્લાસ ૧, ૨ અને ૩ ત્રણેયની ભરતી કરવાની હતી, તેમની ભરતીની જવાબદારી પબ્લિક સર્વિસ કમિશન જેવી પ્રતિષ્ઠિત સંસ્થાને આપવાના બદલે એમનમ ઠરાવ કરી (આ ઠરાવ સંપૂર્ણપણે કાનૂન વિરોધી છે) એના માટે એક ભરતી સમિતિ રાજ્ય સરકારે બનાવી. આની પાછળનો ઈરાદો મળતિયાઓને કમલમમાંથી જે યાદી આવે તે પ્રમાણે જ ભરતી થી શકે. વર્ગ ૧માં ૮ અધિકારીઓ અને વર્ગ ૨માં ૧૫ અધિકારીઓની ભરતી કરવાની હતી, તેના માટે ૧૨૦૦ જેટલા ઉમેદવારોએ અરજી કરી. રાજ્ય સરકારે પરીક્ષા લેવાને બદલે બહારની ખાનગી એજન્સીને હાયર કરી તેની પાસે પરીક્ષા લેવડાવી.

અર્જૂન મોઢવાળિયાએ સવાલ ઉઠાવ્યો કે રાજ્ય સરકાર પાસે પોતાનું પરીક્ષા બોર્ડ છે, પબ્લિક સર્વિસ કમિશનની વ્યવસ્થા છે છતાં તેના મારફતે પરીક્ષા લેવાને બદલે બીજી ખાનગી એજન્સીને આ કામ સોંપવામાં આવ્યું, અને તેમાં મળતિયા લોકોને એક્ઝામિનર તરીકે મૂકવામાં આવ્યા. અર્જૂનભાઈએ પરીક્ષાના દિવસના સીસીટીવી ફૂટેજની ચકાસણી કરી તે દિવસે પરીક્ષા કેન્દ્રો કોની-કોની અવર-જવર હતી તેની તપાસ થવી જોઈએ. વધુમાં તેમણે જણાવ્યું કે, ૧૨૦૦ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૧૩૮ લોકોનું મેરિટ લિસ્ટ તૈયાર કરીને તેમના પ્રમાણપત્રો ચકાસવામાં આવ્યાં અને તેમાંથી ૧૦૮ ઉમેદવારોને ઈન્ટર્વ્યૂ માટે પસંદ કરવામાં આવ્યા હતા.

ઈન્ટર્વ્યૂ કમિટી બનાવી તે પાંચ સભ્યોની હતી તેમાં ૧ અધ્યક્ષ હતા અને ૩ નિવૃત્ત કર્મચારીઓ હતા જેઓ એક્સટેન્શન ઉપર છે. તેમણે આરોપ લગાવ્યો કે પેનલમાં બેઠેલા આ કર્મચારીઓ નિવૃત્ત થઈ ગયા છે પરંતુ રાજ્ય સરકારના આવાં ગેરકાયદેસર કામ કરવા માટે ત્યાં આખી ટોળકી ઉભી કરવામાં આવી છે, આ ઉપરાંત ઈન્ટર્વ્યૂ પેનલમાં બહારના એક નિષ્ણાંતને મૂકવામાં આવ્યા. ચેરમેન આ પ્રક્રિયામાં હાજર ના રહ્યા, નિષ્ણાંત એકાદ-બે દિવસ હાજર રહ્યા બાકી ગેરહાજર રહ્યા, એ સિવાય આખી ટોળકીએ બાકીના ઉમેદવારોનું ઈન્ટર્વ્યૂ લઈ મેરિટ યાદી બનાવી કાઢી.વધુમાં તેમણે કહ્યું કે, ૩૩ ટકા અનામત મહિલાઓ માટેની હતી ૨૭.૫ ટકા અનામત ઈબીસી માટેની હતી, ૧૪ ટકા અનામત એસસી અને એસટી માટેની હતી અને ૧૦ ટકા અનામત એસઈબીસી માટેની હતી. આ અનામતની જોગવાઈઓને પણ સંપૂર્ણપણે રફેદફે કરવામાં આવી. મરજી મુજબ તેમણે અનામતનો રેશિયો જાળવ્યા વગર મેરિટ લિસ્ટ બનાવી દેવામાં આવ્યું. પેનલમાં હાજર ત્રણ અધિકારીઓ સામે ગંભીર પ્રકારના આરોપો લાગ્યા હોવાનો પણ અર્જૂનભાઈ મોઢવાળિયાએ દાવો કર્યો છે. આગળ તેમણે કહ્યું કે, ઈન્ટર્વ્યૂમાં ૧૦૦ માર્ક્સ આપવાના હતા, જેમને લેખિતમાં સૌથી વધુ માર્ક્સ હતા તેમને ઈન્ટર્વ્યૂમાં ઘણા ઓછા માર્ક્સ અપાયા. પણ લેખિત પરીક્ષામાં જેના સૌથી ઓછા માર્ક્સ હોય તેવા ઉમેદવારને ૭૦ માર્ક્સ અપાયા. સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન એવી છે કે લેખિતમાં તમને ૮૦ માર્ક્સ આવ્યા હોય તો ઈન્ટર્વ્યૂનું વેઈટેજ માત્ર ૨૦ ટકાનું હોવું જોઈએ. એને બદલે તેનું વેઈટેજ વધારવામાં આવ્યું.

ઉદાહરણ આપતાં અર્જૂનભાઈ મોઢવાળિયાએ કહ્યું કે, ઈન્ટર્વ્યૂના ક્રમ ૨૨ના ઉમેદવારને લેખિતમાં ૧૯૭ છે અને ઈન્ટર્વ્યૂમાં હાઈએસ્ટ ૭૦ માર્ક્સ આપ્યા છે. જ્યારે ૨૪મા ઉમેદવારને પણ એ પ્રકારે જ માર્ક આપવામાં આવ્યા છે. જ્યારે મોટાભાગના ઉમેદવારોને ૨૦-૩૦ માર્ક્સ જ આપવામાં આવ્યા છે.અર્જૂનભાઈ મોઢવાળિયાએ આરોપ લગાવતા કહ્યું કે કમલમમાંથી જે લિસ્ટ અપાયું હોય અથવા તો પૈસા લઈને લિસ્ટ અપાયું હોય તે લોકોને અહ્યાં પસંદગી કરવામાં આવી છે. વધુ એક ઉદાહરણ આપતાં કહ્યું કે એક બહેન ડિપાર્ટમેન્ટલ જે પરીક્ષા આપવાની હોય તેમાં બે વખત નપાસ થયાં, જેમનું લેવલ ક્લાસ ૩નું છે, તેમને ક્લાસ ૧માં બીજા નંબરે પાસ કરી દેવામાં આવ્યાં.

## રાજ્યમાં વહેલી સવારે હાડ થીજવતી ઠંડીનો અહેસાસ, આગામી દિવસોમાં ઠંડીનું જોર હજુ પણ વધશે



અમદાવાદ,

રાજ્યમાં લોકોને હવે હાડ થીજવતી ઠંડીનો અહેસાસ થવા લાગ્યો છે. વહેલી સવારે ઠંડીમાં વધારો નોંધાઈ રહ્યો છે. વળી જો હવામાન વિભાગની માનીએ તો આગામી દિવસોમાં ઠંડીનું જોર હજુ પણ વધશે. મેટ્રો સિટી અમદાવાદની વાત કરીએ તો અહી તાપમાન ૧૦.૬ ડિગ્રી સાથે સૌથી ઠંડુગાર હોવાનુ સામે આવ્યુ છે.

હવામાન વિભાગ દ્વારા ઠંડીમાં વધારો થવાની આગાહી કરવામાં આવી છે. વળી છેલ્લા કેટલાક દિવસોમાં રાજ્યમાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે. શહેરો તેમજ ગામડામાં ઠંડીનું મોજું ફરી વળતા લોકો ઠુંઠવાયા છે તો રાત્રિનાં સમયે રસ્તાઓ પણ સૂમસામ જોવા મળી રહ્યા છે. જણાવી દઈએ કે, રાજ્યમાં દર વર્ષની જેમ નલિયામાં સૌથી ઓછું તાપમાન ૬.૮ ડિગ્રી નોંધાયું છે, જ્યારે ડીસામાં ૧૦ ડિગ્રીએ તાપમાનનો પારો પહોંચ્યો છે. તેમજ અમદાવાદમાં પણ તાપમાન ૧૦ ડિગ્રી સુધી પારો પહોંચ્યો છે. ભુજમાં ૧૩ ડિગ્રી સુધી ઠંડી નોંધાઈ છે. તેમજ વડોદરામાં ૧૨.૮ રાજકોટમાં ૧૪ તો સુરતમાં ૧૫ ડિગ્રી તાપમાન થયું છે. આજે સવારથી જ રાજ્યભરનાં અનેક સ્થળે ઠંડીનો પારો વધુ નીચે ઉતર્યો હતો અને લોકો ઠંડીમાં ઠુઠવાયા હતા. અમરેલી અને જુનાગઢમાં સીઝનની સૌથી વધુ ઠંડી નોંધાઈ છે તો અમદાવાદમાં પણ પારો ૧૦ ડિગ્રીએ પહોંચ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ઉત્તર ભારતમાં તાજેતરમાં ભારે હિમવર્ષાને લઈને ઉત્તર દિશાથી ફૂંકાતા તેજ પવનોથી સમગ્ર રાજ્યભરમાં શીત લહેર છવાઈ ગઈ છે. એક તરફ રાજ્યમાં હાડ થીજાવતી ઠંડી અનુભવાઈ રહી છે ત્યારે હવામાન વિભાગે આગામી દિવસોમાં કોલ્ડ વેવની આગાહી કરી છે. જણાવી દઈએ કે, પ્રતિ વર્ષ શિયાળાની ઋતુમાં ઠંડા પ્રદેશ તીબેટ, ધર્મશાળા, હિમાચલ પ્રદેશ સહિતનાં વિસ્તારોમાંથી તીબેટીયન રેફ્યુજી પરિવારો ગુજરાન માટે ગરમ કપડાંનાં વેચાણ માટે ગુજરાતનાં મહેમાન બને છે. આ વર્ષે હજુ ડિસેમ્બર માસ ચાલી રહ્યો હોય તીવ્ર ઠંડીનો લોકો સામનો કરી રહ્યા છે. ત્યારે કડકડતી ઠંડીથી રક્ષણ માટે લોકો ગરમ વસ્ત્રોનો સહારો લેતા હોય છે. ત્યારે અમદાવાદ અને ગાંધીનગરમાં આ રેફ્યુઝી પરિવાર આવીને રાજ્યનાં લોકોને ગરમ વસ્ત્રોનું વેચાણ કરવા આવી પહોંચ્યા છે. ત્યારે લોકો પણ મન મૂકીને અહીથી પોતાના માટે અને પરિવાર માટે ગરમ વસ્ત્રો ખરીદી રહ્યા છે.

## લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી નિર્ધારિત સમય કરતાં એક દિવસ વહેલી પૂર્ણ કરાઈ



નવીદિલ્હી,

સંસદનું શિયાળુ સત્ર આજે સમાપ્ત થઈ ગયું છે. લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી નિર્ધારિત સમય કરતાં એક દિવસ પહેલાં જ સ્થગિત કરી દેવાઈ છે. શિયાળુ સત્ર ૨૯ નવેમ્બરે શરૂ થયું હતું, જે ૨૩ ડિસેમ્બર સુધી ચાલવાનું હતું. કહેવામાં આવી રહ્યું છે કે બંને ગૃહોમાં સતત હોબાળાને કારણે સત્ર વહેલું સમાપ્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિપક્ષના હોબાળા છતાં કેટલાક મહત્વના બિલ ગૃહમાં પાસ કરવામાં આવ્યા હતા.

વોટર આઈડીને આધાર કાર્ડ સાથે લિંક કરવા માટેનું બિલ મંગળવારે રાજ્યસભામાં પસાર કરવામાં આવ્યું હતું. વિપક્ષે બિલના વિરોધમાં વોકઆઉટ કર્યું હતું, જ્યારે તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓ'બ્રાયને પત્રકારોના ટેબલ પર રૂલબુક ફેંકી, જેના પગલે તેમને ગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

ચૂંટણી કાયદા સંશોધન બિલ, ૨૦૨૧ સંસદના બંને ગૃહો દ્વારા પસાર કરવામાં આવ્યું છે. તેમાં મતદાર યાદીમાંથી ડુપ્લિકેશન દૂર કરવાની જોગવાઈઓ છે. ગૃહમાં વિપક્ષ દ્વારા આ બિલનો જોરદાર વિરોધ કરવામાં આવ્યો હતો. વિપક્ષના નેતાઓએ ગૃહમાં તેની વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. તેઓએ આ બિલને સિલેક્ટ કમિટીને મોકલવાની માગ કરી હતી. બિલને સમર્થન આપતા અનેક પક્ષોના સભ્યો સાથે એક કલાક સુધી ચાલેલી ચર્ચા બાદ આખરે તેને પસાર કરવામાં આવ્યું હતું.

રાજ્યસભાના સસ્પેન્ડ કરાયેલા ૧૨ સાંસદોના મુદ્દે વિપક્ષ અડગ રહ્યો. વિપક્ષી નેતાઓએ કહ્યું કે સસ્પેન્શન ગેરબંધારણીય છે. સસ્પેન્ડેડ સાંસદો પણ દરરોજ સંસદ પરિસરમાં ગાંધી પ્રતિમા પાસે ધરણા કરી રહ્યા હતા. નોંધનીય છે કે રાજ્યસભાના અધ્યક્ષ વેંકૈયા નાયડુએ આ સાંસદોને ચોમાસુ સત્ર દરમિયાન બેફામ વર્તન બદલ સસ્પેન્ડ કરી દીધા હતા.

રાજ્યસભાના ઉપસભાપતિ હરિવંશે સસ્પેન્ડ કરાયેલા સાંસદોના નામની જાહેરાત કરી હતી. જેમાં કોંગ્રેસના ૬ સાંસદોનો સમાવેશ થાય છે, જેમાં ફૂલો દેવી નેતામ, છાયા વર્મા, રિપુન બોરા, રાજમણિ પટેલ, સૈયદ નાસિર હુસૈન, અખિલેશ પ્રસાદ સિંહ સામેલ છે. મમતા બેનર્જીની પાટીના ટીએમસીથી ડોલા સેન અને શાંતા છેત્રીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ સિવાય શિવસેના તરફથી પ્રિયંકા ચતુર્વેદી અને અનિલ દેસાઈને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તે જ સમયે, સીપીએમના એલારામ કરીમ અને સીપીઆઈના બિનોય વિશ્વમ પણ સસ્પેન્ડેડ સાંસદોની યાદીમાં સામેલ છે.

લખીમપુર ખીરી કેસમાં વિપક્ષ કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય મિશ્રા ટેનીના રાજીનામાની માગ કરી રહ્યા છે. વિપક્ષનો આરોપ છે કે સરકાર ટેનીને બચાવી રહી છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ ટેનીના રાજીનામાનો મુદ્દો સતત ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે કેન્દ્ર આ અંગે ચર્ચાથી ભાગી રહ્યું છે. ટેનીના રાજીનામાને લઈને લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી ઘણી વખત સ્થગિત કરવામાં આવી હતી.જો કે, વિપક્ષના હોબાળા વચ્ચે પણ સદનમાં કેટલાય બિલ મોદી સરકારે પાસ કરી નાખ્યા હતા.

## TMC સાંસદને રાજ્યસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા



નવીદિલ્હી,

તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓ'બ્રાયનને રાજ્યસભામાંથી શિયાળુ સત્રના બાકીના સમય માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા કારણ કે તેમણે સ્પીકરની ખુરશી પર 'નિયમ પુસ્તક' ફેંક્યું હતું. તેમણે ગૃહમાં ચૂંટણી સુધારણા બિલ પસાર કરતી વખતે રૂલ બુક ફેંકી દીધી હતી.

તેમના સસ્પેન્શન પર ટીએમસી સાંસદે ટ્વિટ કર્યું, "છેલ્લી વખતે જ્યારે મને રાજ્યસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો, ત્યારે સરકાર ખેડૂતો માટે કાયદો લાદી રહી હતી. તે પછી શું થયું તે આપણે બધા જાણીએ છીએ. સંસદની મજાક ઉડાવતા ભાજપ અને ઈલેક્ટોરલ લૉ બિલ ૨૦૨૧ લાદવાના વિરોધમાં આજે તેને સ્થગિત કરવામાં આવી હતી. આશા છે કે આ બિલ પણ જલ્દી રદ થઈ જશે. ઉલ્લેખનીય છે કે રાજ્યસભામાં મતદાર આઈડી કાર્ડને આધાર કાર્ડ સાથે લિંક કરવા સંબંધિત ચૂંટણી કાયદો (સુધારા) બિલ ૨૦૨૧ પસાર થવા દરમિયાન કોંગ્રેસ સહિત સમગ્ર વિપક્ષે હંગામો મચાવ્યો હતો. તૃણમૂલ કોંગ્રેસના ડેરેક ઓ બ્રાયન મહાસચિવના ટેબલ પર નિયમ પુસ્તક ફેંકી દીધું. ગૃહની મધ્યમાં હંગામા દરમિયાન માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટીના જોન બ્રિટ્સે ખરડામાં આપવામાં આવેલા સુધારા પર મતોના વિભાજનની માંગણી કરી, ત્યારે ઉપાધ્યક્ષ હરિવંશે કહ્યું કે નિયમ હેઠળ તમામ સભ્યોએ તેમના સ્થાને પાછા ફરવું જોઈએ, ત્યારે જ તેમની માંગ પૂરી કરી શકાય છે.

## રાજીમામાની અટકળો વચ્ચે અસિત વોરાએ મુખ્યમંત્રીની મુલાકાત લીધી

ગાંધીનગર,

બિન સચિવાલયની હેડ ક્લાર્કની પરીક્ષાનું પેપરલીક થતાં રાજ્યમાં ગરમીનો માહોલ છવાયો છે. આ અંગે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન અસિત વોરા પર કોંગ્રેસ અને આપના યુવરાજસિંહે અનેક આક્ષેપ કર્યા છે. આ સાથે અસિત વોરા શંકાના દાયરામાં છે. ત્યારે આ દરમિયાન અસિત વોરા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે બેઠક કરી હતી. જેના કારણે હાલ અસિત વોરાના રાજીનામાની અટકળો તેજ થઈ છે. અસિત વોરાએ આ બેઠક બાદ જણાવ્યુ હતુ કે, મુખ્યમંત્રી સાથે શુભેચ્છા મુલાકાત હતી. અસિત વોરાની મુખ્યમંત્રી સાથેની મુલાકાત બાદ જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, આ બેઠકમાં શું વાત થઈ ત્યારે તેમણે મીડિયા સામે માત્ર ત્રણ જ શબ્દો કહ્યા હતા, જે હતા-નમસ્તે, થેંક યુ અને શુભેચ્છા મુલાકાત. આ બેઠક અંગે તેમણે જણાવ્યુ કે, મુખ્યમંત્રી સાથેની મુલાકાત શુભેચ્છા મુલાકાત હતી. જે બાદ તેમણે મીડિયાના કોઈપણ પ્રશ્નનો જવાબ આપ્યો નહીં અને ચાલતી પકડી હતી.

ગઈકાલે એટલે કે, મંગળવારે ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે કમલમ ખાતે પ્રેસ કોન્ફરન્સમાં દાવો કર્યો હતો કે, પેપર લીક કાંડમાં અસિત વોરાની સંડોવણીના કોઈ પુરાવા હજુ સુધી સામે નથી આવ્યા. જો તેમની સામે થતાં આક્ષેપ સાચા ઠરશે તો તેમની વિરુદ્ધ પણ પગલાં લેવાશે. આ ઉપરાંત પાટીલે જણાવ્યું હતું કે પેપર લીક કાંડમાં જે પણ વ્યક્તિની સંડોવણી બહાર આવશે તેને છોડવામાં નહીં આવે. જ્યારે ૮૮ હજાર જેટલા યુવકોએ પરીક્ષા આપી હોય અને તેમના ભવિષ્ય સાથે ચેડા થતાં હોય તો તેને કોઈ સંજોગોમાં ચલાવી ના લેવાય. વર્ષ ૨૦૧૯માં પણ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનું પેપર લીક થયુ હતુ. જે બાદ ૨૦૨૧માં લેવાયેલી હેડ ક્લાર્કની પરીક્ષામાં પેપર લીક થયું છે. આ મામલે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન અસિત વોરાની કામગીરી પર ફરી એકવાર સવાલો ઉઠી રહ્યા છે. જોકે, આમ આદમી પાર્ટીએ આક્ષેપ કર્યો છે કે, સરકાર પણ અસિત વોરાના બચાવમાં હોય તેમ લાગી રહ્યુ છે.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાનાં નવા ૬ હજારથી વધુ કેસ નોંધાયા, ૩૧૮ દર્દીઓનાં મોત



નવીદિલ્હી,

સમગ્ર વિશ્વમાં કોરોનાનાં નવા વેરિઅન્ટે તકલીફો પર મીઠું નાખવાનું કામ કર્યુ છે. જો કે ભારતમાં પણ હવે ધીમે ધીમે ઓમિક્રોનનાં કેસ સતત વધી રહ્યા છે. ત્યારે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયનાં ડેટા દર્શાવે છે કે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોવિડ-૧૯નાં ૬,૩૧૭ નવા કેસ અને ૩૧૮ મૃત્યુ નોંધાયા છે.

દરમિયાન, ભારતનો ઓમિક્રોન આંકડો ૨૧૩ પર પહોંચી ગયો. છેલ્લા ૨૪ કલાકમાં ૩૧૮ લોકોનાં મોત સાથે દેશમાં મૃત્યુઆંક ૪,૭૮,૩૨૫ પર પહોંચી ગયો છે. મંગળવારે ૧૨,૨૯,૫૧૨ લોકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયનાં જણાવ્યા અનુસાર, કુલ ૨૧૩ ઓમિક્રોન કેસમાંથી, દિલ્હી અને મહારાષ્ટ્રમાં અનુક્રમે ૫૭ અને ૫૪ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં ૯૦ દર્દીઓ ઠીક થયા બાદ તેમને રજા આપવામાં આવી છે. દેશમાં અત્યાર સુધીમાં ૧,૩૮,૯૫,૯૦,૬૭૦ લોકોને કોવિડ-૧૯ રસી આપવામાં આવી છે, જેમાંથી મંગળવારે ૫૭,૦૫,૦૩૯ લોકોને રસી આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, વૈજ્ઞાનિકોએ કોરોનાની ત્રીજી લહેર અંગે અનુમાન લગાવ્યું છે. ભારતમાં વાયરસનાં નવા વેરિઅન્ટ ઓમિક્રોનને કારણે ફેબ્રુઆરી ૨૦૨૨માં કોવિડની નવી લહેર આવી શકે છે. બે વૈજ્ઞાનિકોએ મહામારી પર નજર રાખવા માટેનાં ફોર્મ્યુલા મોડલ વિશે અનુમાન લગાવ્યું છે.

## પેપરલીક મામલે રેલી નીકળે તે પહેલાં જ કોંગ્રેસના શહેર પ્રમુખ, ધારાસભ્યો સહિત ૩૦ જેટલા નેતાઓની અટકાયત



અમદાવાદ,

રાજયમાં બિનસચિવાલયની હેડક્લાર્કની ભરતીની પરીક્ષાના પેપરલીક મામલે ભાજપના વિરોધમાં આજે ગુજરાત કોંગ્રેસ દ્વારા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. પાલડી ડો. રાજીવ ગાંધી ભવનથી કલેક્ટર કચેરી સુધીની બાઈક રેલી યોજવાની જાહેરાત કરવામાં આવી હતી. પાલડી રાજીવ ગાંધી ભવનથી રેલી કાઢવા જઈ રહેલા કોંગ્રેસના શહેર પ્રમુખ ચેતન રાવલ, ધારાસભ્ય ઈમરાન ખેડાવાળા, હિંમતસિંહ પટેલ, શૈલેષ પરમાર એનએસયુઆઈના નેતાઓ અને કાર્યકર્તાઓની પોલીસે અટકાયત કરી હતી. કોંગ્રેસની રેલી નીકળે તે પહેલાં જ ચારે તરફથી પોલીસે રાજીવ ગાંધી ભવનને ઘેરી લીધું હતું. તમામ રસ્તાઓ પર પોલીસની ગાડીઓ મૂકી દેવામાં આવી છે. જેથી બહારથી કોઈપણ અંદર અને અંદરથી કોઈ બહાર જઈ શકે નહિ. કોંગ્રેસ કાર્યાલય બહાર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

હેડ ક્લાર્ક પરીક્ષા પેપર લિંક કૌભાંડ મામલે વિપક્ષ નેતા સુખરામ રાઠવાની આગેવાનીમાં કોંગ્રેસ ધારાસભ્યોએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને આવેદનપત્ર આપીને છ મુખ્ય માંગણીઓ સાથે રજૂઆત કરી હતી. વિપક્ષ નેતા સુખરામ રાઠવાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં વારંવાર સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર ફૂટી જવાની ઘટના સામાન્ય બની રહી છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા હાલમાં લેવાયેલ હેડ કલાર્કની પરીક્ષાનું પેપર ઘોર બેદરકારી અને લાપરવાહીના કારણે ફૂટતા રાજ્યના લાખો શિક્ષિત બેરોજગાર યુવાનો હાલાકી અને અરાજકતાનો ભોગ બન્યા છે. રાજ્યના યુવાનોના સરકારી નોકરીઓ મેળવવાના સપનાઓ રોળાયા છે. રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે ભરતી કેલેન્ડર બહાર પાડીને શિક્ષિત યુવાનોને રોજગારીના સપનાઓ દેખાડવામાં આવે છે પરંતુ હકીકતે તેનો અમલ કરવામાં આવતો નથી. ભરતી કેલેન્ડર માત્રને માત્ર ચોપડા પર જ રહી જાય છે.

## રાફેલ સોદામાં ઓફસેટ પોલિસી હેઠળ ભારતે ફ્રેન્ચ કંપનીને દંડ ફટકાર્યો



નવીદિલ્હી,

ભારતે ફ્રાન્સ સાથેના રાફેલ સોદામાં ઓફસેટ પોલિસી હેઠળ વચનો પૂરા ન કરવા બદલ દંડ લાદવાનો નિર્ણય લીધો છે. ભારત અને ફ્રાન્સ વચ્ચે ૩૬ રાફેલ ફાઈટર જેટ માટેનો સોદો સપ્ટેમ્બર ૨૦૧૬ માં એક ઑફસેટ નીતિ હેઠળ હસ્તાક્ષર કરવામાં આવ્યો હતો, જેણે ફ્રેન્ચ એરક્રાફ્ટ નિર્માતા ડેસોલ્ટ એવિએશન અને MBDA ને ભારતીય સંરક્ષણ ક્ષેત્રમાં કરારની રકમના ૩૦ ટકા રોકાણ કરવાનું ફરજિયાત કર્યું હતું.

ભારત અને ફ્રાન્સ વચ્ચે સપ્ટેમ્બર ૨૦૧૬માં રાફેલ ડીલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ ડીલ લગભગ ૫૯ કરોડ રૂપિયાની હતી, જેમાં ભારતને ૩૬ રાફેલ ફાઈટર જેટ સપ્લાય કરવાના હતા. તે જ સમયે, તેમાં ૫૦ ટકાની ઓફસેટ કલમ હતી. પરંતુ ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલે સંસદમાં એક રિપોર્ટ રજૂ કર્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે ઑફસેટ પોલિસી હેઠળ જે પણ નિર્ણય લેવામાં આવ્યો હતો, ફ્રેન્ચ કંપનીએ તે વચન પૂરું કર્યું નથી.

સંરક્ષણ મંત્રાલયે વિદેશી કંપનીઓ પાસેથી રૂ. ૩૦૦ કરોડથી વધુના સંરક્ષણ સોદા માટે ઓફસેટ નીતિ ઘડી હતી. ફ્રાન્સ સાથેની રાફેલ ડીલ લગભગ રૂ. ૫૯ કરોડની હોવાથી આ પોલિસી તેના પર લાગુ થાય છે. સંરક્ષણ સોદા પર ઓફસેટ નીતિ હેઠળ, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આનાથી ટેક્નોલોજી ટ્રાન્સફર થશે, સંરક્ષણ ક્ષેત્રમાં વિદેશી પ્રત્યક્ષ રોકાણ વધશે, જે આખરે દેશમાં સ્થાનિક સંરક્ષણ ઉદ્યોગોને પ્રોત્સાહન આપશે. પરંતુ કેગના મતે આ લક્ષ્યાંકો હાંસલ કરી શકાયા નથી.

CAGના રિપોર્ટ અનુસાર, આ પોલિસી હેઠળ નિર્ધારિત લક્ષ?યાંક ૨૦૧૫થી ઘણા મામલામાં પૂરા થયા નથી, જેને ધ્યાનમાં રાખીને ઑફસેટ પ્રતિબદ્ધતાઓનું પાલન ન કરવા બદલ દંડ લાદવાનો સરકારનો નિર્ણય હવે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ અંતર્ગત સરકાર ઓફસેટ વચનો પૂરા ન કરવા બદલ વિદેશી કંપનીઓ સામે કડક વલણ અપનાવશે.

### પોતાની સરકાર સામે જ મંત્રી આક્રમક

## સરકારી કંપનીઓને ખાનગી બનાવી નાંખી, હવે પ્રાઈવેટ સેક્ટરમાં પણ આરક્ષણ આપો નહીંતર આંદોલન કરીશું

નવીદિલ્હી,

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ રાજ્ય મંત્રી ફગ્ગન સિંહ કુલસ્તેએ જયપુરમાં પોતાની જ સરકાર સામે મુશ્કેલી ઊભી કરી દે તેવું નિવેદન આપ્યું છે. તેમણે ખાનગી સેક્ટરમાં આરક્ષણ આપવાની વાત ઉચ્ચારી કેન્દ્ર સરકાર વિરૂદ્ધ આંદોલન કરવાની ટકોર કરી છે. મંગળવારે આદિવાસી વિકાસ પરિષદના રાષ્ટ્રીય સેમિનારને સંબોધિત કરતા ફગ્ગન સિંહે કહ્યું કે સરકારી કંપનીઓનું ખાનગીકરણ થઈ રહ્યું છે. તેવામાં સરકારે પ્રાઈવેટ સેક્ટરમાં પણ રિઝર્વેશન લાગૂ કરવું જોઈએ. જો સરકાર આવું નહીં કરે તો આપણે તેમના વિરૂદ્ધ ખાનગી સેક્ટરમાં આરક્ષણ લાગૂ કરવા માટે આંદોલન કરવું પડશે.

કુલસ્તેએ કહ્યું કે આપણે આક્રમક રૂપે નેતાઓ અને રાજકીય પાર્ટીઓ વિરૂદ્ધ આંદોલન કરવું જોઈએ. ત્યારે જ તે આપણી વાત સાંભળશે. આરક્ષણ સંપૂર્ણપણે નાબૂદ થઈ જશે તો આપણા લોકોને કોઈ લાભ નહીં મળે, એટલે જ આપણે સમય રહેતા આરક્ષણની લડત રમવી જોઈએ.

કુલસ્તેએ કહ્યું હતું કે આદિવાસી ચૂંટણીમાં પોતાની તાકાતનો પરચો બતાવે, જેનાથી રાજકીય પાર્ટીઓમાં સંદેશ જશે કે અમારા વિના તમારી સરકાર નહીં બને. તેમણે વધુમાં કહ્યું કે આદિવાસી એમપી એમએલએ સામૂહિક રીતે એક થઈ પોતાની વાત રજૂ કરે. આ તમામ પાસા મુખ્યમંત્રીને યાદ રહેવા જોઈએ. ત્યારે જ આદિવાસીઓની સમસ્યા સરકાર સુધી પહોંચશે અને તેનો ઉકેલ આવશે.

ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર સમગ્ર દેશમાં આદિવાસી વર્ગને પોતાના પક્ષમાં લેવા ઘણા પ્રયાસ કરી રહી છે. ગત મહિને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિરસા મુંડાની જયંતીને આદિવાસી ગૌરવ દિવસના રૂપે મનાવી હતી. આને આદિવાસી વર્ગ સામે સારી છબી ઊભી કરવાના પ્રયત્ન તરીકે જોવામાં આવે છે. હવે કેન્દ્રીય મંત્રીના આ નિવેદનથી ફરી એકવાર નવો વિવાદ ઊભો થાય તેમ લાગી રહ્યું છે.

# મહીસાગર જીલ્લાના ૬ તાલુકામાં વિજેતા થયેલ સરપંચો

## લુણાવાડા તાલુકામાં વિજય થયેલા સરપંચોની યાદી

| ગ્રામ પંચાયતનું નામ | - | ચુંટાયેલા સભ્યનું નામ |
|---|---|---|
| નમનાર | - | મંગળભાઈ બાબરભાઈ ચાવડા |
| પરમપુર | - | વાઘાભાઈ મથુરભાઈ પટેલીયા |
| મોટીપાલ્લી | - | હરીશચંદ્રસિંહ અજીતસિંહ સોલંકી |
| રાણપુર | - | કમુબેન ભગાભાઈ ભોઈ |
| કેટા | - | કૈલાસબેન પ્રવિણભાઈ ઝાલા |
| પાંચમહુડીયા | - | અરવિંદકુમાર જશુભાઈ પટેલ |
| અરીઠા | - | દક્ષાબેન મહેશભાઈ વણકર |
| વાલીનાથ | - | નરેન્દ્રભાઈ મંગળભાઈ પટેલ |
| રાજગઢ | - | રમેશભાઈ અમરાભાઈ બારીયા |
| ફતેપુરા | - | હેતલબેન હિતેશકુમાર પટેલ |
| દલવાઈ સાવલી | - | તેજલબેન ધર્મેન્દ્રસિંહ ચૌહાણ |
| લીમ્બોદ્રા | - | વાલમભાઈ સોમાભાઈ પગી |
| ખોડાઆંબા | - | રાજેન્દ્રભાઈ બાબુભાઈ પરમાર |
| કેડીયા | - | દિનેશભાઈ શનાભાઈ પગી |
| પાનમપાલ્લા | - | હસુબેન પ્રકાશભાઈ પટેલીયા |
| બામણવાડ | - | સોમીબેન લાલાભાઈ ચૌહાણ |
| તરણોચા | - | ભુપેન્દ્રભાઈ પ્રતાપભાઈ પગી |
| હરદાસપુર | - | આનંદબેન રણજીતસિંહ સોલંકી |
| છાપરી(વ) | - | જશીબેન જાલમભાઈ રાઠોડ |
| સાધકપુર | - | સંજયકુમાર ગોવિંદભાઈ પટેલ |
| ધામોદ | - | મહેન્દ્રકુમાર હરીભાઈ પટેલ |
| સાલાવાડા | - | ભીમસિંહ મંગળસિંહ ચૌહાણ |
| જુફરાલી | - | શર્મીષ્ઠાબેન મહિપાલસિંહ પરમાર |
| જેસોલા | - | વર્ષાબેન નગીનકુમાર બારીયા |
| રામપુર(પા) | - | જિગ્નેશકુમાર અરવિંદભાઈ પટેલ |
| ચાટકાબેલી | - | કનૈયાલાલ કાનાભાઈ પટેલ |
| વખતપુર(કી) | - | નીખીલકુમાર રાવજીભાઈ પટેલ |
| નાનીદિનાવાડ | - | ભરતભાઈ સોમાભાઈ પટેલ |
| ઝાયડી | - | બાલુબેન કાંતીભાઈ બારીઆ |
| મોટાવાડોદર | - | કાંતાબેન વાલાભાઈ બારીઆ |
| શામણા | - | મંજુલાબેન ગીરીશકુમાર પટેલીયા |
| મોટીદિનાવાડ | - | ધર્મેન્દ્રકુમાર મંગળાભાઈ પટેલ |
| ચાવડીયા | - | ભાવનાબેન રાજેશકુમાર બારીયા |
| ઉંટડી | - | મનુભાઈ ભગવાનદાસ પટેલ |
| કેળ | - | દક્ષાબેન મોતીભાઈ પટેલીયા |
| ડોકેલાવ | - | અખમબેન ભુલાભાઈ માછી |
| ગોલાના પાલ્લા | - | રમાબેન અરવિંદભાઈ પટેલ |
| સેણદરીયા ગોરાડા | - | જયંતીભાઈ કાળુભાઈ પટેલ |
| હડમતીયા (કો) | - | વિલાસબેન નરેન્દ્રસિંહ સોલંકી |
| વેરામા | - | ઈન્દ્રપાલસિંહ તખતસિંહ સોલંકી |
| મેડજીન મુવાડ | - | સંદિપભાઈ સુરેશભાઈ પટેલ |
| ઢેસીયા | - | પ્રેમકુંવરબા જયપાલસિંહ ગોહિલ |
| મોચીવાડીયા | - | રાધાબેન દિનેશભાઈ પરમાર |
| ભાણપુર | - | પિન્કીબેન જશવંતકુમાર પટેલ |
| મહેતાના ચાકલીયા | - | ભીખાભાઈ નાનાભાઈ નિનામા |
| ચપટીયા | - | મંગુબેન ગોવિંદભાઈ પટેલ |
| દલુખડીયા | - | વર્ષાબેન રણવીરસિંહ સોલંકી |
| હિંદોલીયા | - | ગંગાબેન રામાભાઈ માછી |
| ચોરી | - | જયાબેન ચતુરભાઈ ખાંટ |
| ખલાસપુર | - | મહારાજા સંજયસિંહ સોમસિંહજી બારીઆ |
| નાનાવડદલા | - | કૃપાલીબેન હેમંતકુમાર દેરાશ્રી |
| નવામુવાડા | - | હેમુબેન હિતેશભાઈ પટેલ |
| નાનીપાલ્લા | - | શૈલેષકુમાર ગજાનંદ પંડયા |
| પટ્ટણ | - | મોતીભાઈ મથુરભાઈ માછી |
| ખેમપુર | - | પ્રભાતભાઈ મણીભાઈ બારીઆ |
| આગરવાડા | - | મીનાબેન ગણપતભાઈ પગી |
| સરકારી ચમારીયા | - | લીલાબેન હરિશચંદ્ર પટેલ |
| કાનેલા | - | શારદાબેન કોદરભાઈ પગી |
| કુંડા | - | કાંટીભાઈ સોમાભાઈ માછી |
| કોલવણ | - | શૈલેષકુમાર રત્નાભાઈ પગી |
| વાડીના ગોરાડા | - | ઈલાબેન વિજયકુમાર પટેલ |
| આંકલવા | - | કિશનકુમાર રત્નાભાઈ નિજાનંદી |
| ચાંપેલી | - | પ્રિયંકાબેન જીજ્ઞેશકુમાર માછી |
| ચારણગામ(ન) | - | શાંતાબેન મણીલાલ બારોટ |
| લાલસર | - | સુનિલકુમાર વિનોભાઈ પ્રજાપતિ |
| ધામણીયા | - | અરૂણાકુંવરબા મહાવીરસિંહ સોલંકી |
| વાઘજીબારીયાના મુવાડા | - | ભગવાનભાઈ નાનાભાઈ બારીઆ |
| ભોજા | - | અલ્પેશકુમાર ભવાનભાઈ પટેલીયા |
| ઉચરપી | - | ડાહ્યાભાઈ રણછોડભાઈ ચૌહાણ |
| ખાંટના મુવાડા | - | અભેસિંહ રાયભણભાઈ ખાંટ |
| કાંઠા | - | મણીલાલ પુંજાભાઈ વણકર |
| સીમલીયા | - | શૈલેષકુમાર મોહનસિંહ સિસોદીયા |
| કોઠંબા | - | ગોવિંદભાઈ કાળીદાસ પટેલ |
| ભલાણ | - | ઝુબેદાબીબી કાસમભાઈ ખાટકી |
| ઉકરડી | - | કૈલાશબેન ઉદાભાઈ ખાંટ |
| લાડવેલ | - | અમિતસિંહ બળવંતસિંહ ગોહિલ |
| ક્સલાલ | - | રાયલીબેન ડાહ્યાભાઈ પગી |
| ચારણગામ (સા) | - | લીલાબેન સોમાભાઈ તલાર |
| લકડી પોયડા | - | જુવાનસિંહ પ્રભાતસિંહ રાઠોડ |
| વાણીયાવાળા ગોરાડા | - | પ્રહલાદસિંહ ગુલાબસિંહ ચારણ |
| મોટાસોનેલા | - | જયદેવસિંહ હરીશચંદ્રસિંહ સોલંકી |
| વરધરી | - | મધુબેન અંબાલાલ પટેલ |
| વિરણીયા | - | રમીલાબેન મહેન્દ્રભાઈ ચૌહાણ |
| હાથીવન | - | શારદાબેન ભલાભાઈ પગી |
| મલેકપુર | - | ધ્રુવીનકુમાર હરીશભાઈ પટેલ |
| ખારોલા | - | ઉર્મિલાબેન વિનયકુમાર બારીયા |
| કાકચીયા | - | હેમલતાબેન શૈલેષભાઈ પટેલ |
| મોતીધોડા | - | મેનકાબેન વિષ્ણુપ્રસાદ પટેલ |
| કડાછલા | - | સુધાબેન જશુભાઈ પટેલીયા |

## સંતરામપુર તાલુકામાં વિજય થયેલા સરપંચોની યાદી

| ગ્રામ પંચાયતનું નામ | - | ચુંટાયેલા સભ્યનું નામ |
|---|---|---|
| એન્દ્રા | - | વિજય નાનાભાઈ પટેલ |
| રણીજીની પાદેડી | - | વિમળાબેન રણજીતભાઈ ખાંટ |
| બાવાના સાલિયા | - | કમલેશભાઈ એસ. ખાંટ |
| કોતરા | - | ગોવિંદભાઈ રાયસિંગભાઈ બામણીયા |
| વાવિયામુવડા | - | મનસુખભાઈ જેઠાભાઈ બારીયા |
| ગોધર | - | હિરેન્દ્રસિંહ વી. વિરપરા |
| બાબરોલ | - | રસમબેન સુખાભાઈ તડવી |
| મોલારા | - | કૈલાશબેન શૈલેષભાઈ દામાં |
| વજીયાખૂટ | - | ખેમાભાઈ નાનજી પારગી |
| ગડા | - | પૂજાભાઈ મુંડવાડા |
| ચૂથાના મુવાડા | - | જગદીશભાઈ બળવંતભાઈ બારીયા |
| માલાણપુર | - | ઉષાબેન છગનભાઈ કિંડોર |
| સરાડ | - | ગીતાબેન રમણભાઈ પારગી |
| નાનીક્યાર | - | કવિતાબેન સુરમાભાઈ ડામોર |
| કણજારા | - | ચાતુરીબેન હીરાભાઈ ડામોર |
| બાબરી | - | દરિયાબેન ફૂલાભાઈ સગાડા |
| ભમરી | - | ભેમાભાઈ નાથુભાઈ પારગી |
| આજણવા | - | ચંપાબેન દલપાભાઈ બારિયા |
| ગુવલિયા | - | કૃણાલકુમર કોહ્યાભાઈ પાદરીયા |
| બટકવાડા | - | સુર્યાબેન ફૂલસિંગ ભામત |
| ફળવા | - | મંજુલાબેન ગણપતભાઈ ડામોર |
| મોટા આગેલા | - | અશોકભાઈ દિતાભાઈ ટોડા |
| ગરાડિયા | - | પ્રકાશ મોહનભાઈ ડોડીયાર |
| મોટી કયાર | - | રતનાભાઈ રગજીભાઈ તાવિયાડ |
| મોટા સરણાયા | - | વર્ષાબેન ભરતભાઈ ડામોર |
| કળીબેલ | - | કૈલાસબેન શૈલેષ ખાટ |
| મચોડ | - | સોનલબેન નરેન્દ્રભાઈ ખાટ |
| રામ ભેમના મુવાડા | - | વિજયભાઈ અજમેલભાઈ બારિયા |
| પગીના મુવાડા | - | સોનલબેન નરેન્દ્રભાઈ ખાટ |
| વાકડી | - | રાકેશ સબૂર કટારા |
| છાયણ | - | કાનજીભાઈ રમ્મલભાઈ ગૌરી |
| જાનવડ | - | નિશાબેન વિનુભાઈ ખાટ |
| ઉખરેલી | - | ભૂરીબેન દિનેશભાઈ ડામોર |
| મોવાસા | - | ગંગાબેન વાઘાભાઈ ખાટ |
| ખોડદરા | - | કાન્તિ ભાઈ સંકરભાઈ કિંડોર |
| વેણા | - | જતીનભાઈ જવરભાઈ પાદરીયા |
| સુરપુર | - | લક્ષ્મણભાઈ ભગવાનભાઈ ડામોર |
| નાની ભુગેડી | - | વીણાબેન વિનોદભાઈ બામણીયા |
| ભાણાસિમલ | - | મજુલાબેન રૂપજીભાઈ ડામોર |
| રનેલા | - | ઉમેશકુમાર જયંતીભાઈ પટેલીયા |
| ગામડી | - | સુમિત્રાબેન |
| નરસિંગપુર | - | રમેશભાઈ ચંદુભાઈ સંગાડા |
| સીમલીયા | - | મહેશભાઈ ગલાલભાઈ પારગી |
| ભંડારા | - | ભલાભાઈ રંગજીભાઈ કિંડોર |
| ખેડાપા | - | નીતાબેન જેસિંગભાઈ પારગી |
| પાંચમુવા | - | દલસુખભાઈ પુનાભાઈ સેલોત |
| ગોઠીબ | - | સુનિલભાઈ નાથાભાઈ તાવિયાડ |
| સણબાર | - | જાગૃતિબેન વિજયભાઈ ભાભોર |
| પાદેડી અડોર | - | સોમાભાઈ લાલાભાઈ ડામોર |
| સાત કુંડ | - | કોકિલાબેન લાલુભાઈ નાયક |
| મોટી ભૂગેડી | - | સુરેખાબેન કલ્પેશભાઈ કટારા |
| આબાલિયાત | - | સાવનબેન અર્જુનભાઈ બારિયા |

## બાલાસીનોર તાલુકાની ગ્રામ પંચાયતોમાં ચુંટાયેલા સભ્યોના નામો

| ગ્રામ પંચાયતનું નામ | | ચુંટાયેલા સભ્યનું નામ |
|---|---|---|
| આલેલા | - | ઠાકોર જગતસિંહ પ્રભાતસિંહ |
| બળીયાદેવ | - | સોલંકી અમરાભાઈ લાડુભાઈ |
| ભાંથલા | - | સોલંકી જશવંતભાઈ પ્રતાપભાઈ |
| બોડોલી | - | પરમાર મનીષાબેન અજીતસિંહ |
| ડખરીયા | - | વાળંદ વિષ્ણુભાઈ રમણભાઈ |
| દેવ | - | ચૌહાણ જવાનસિંહ લક્ષ્મણસિંહ |
| દોલતપોરડા | - | પટેલ મનોજકુમાર હીરાભાઈ |
| ફેલસાણી | - | વણકર અંબાલાલ માવજીભાઈ |
| ગધાવાડા | - | વાઘેલા આરતીબેન નરેશભાઈ |
| ગજાપગીના મુવાડા | - | પરમાર કૌશિકકુમાર ઉદેસિંહ |
| હાંડીયા | - | મહેરા જયેશભાઈ અર્જુનભાઈ |
| ગુંથલી | - | પરમાર બુનીબેન મંગળાભાઈ |
| જનોડ | - | માછી રમેશભાઈ રત્નાભાઈ |
| જેઠોલી | - | પંચાલ દિપકકુમાર મણીલાલ |
| ખાંડીવાવ | - | ચૌહાણ સરોજબેન પ્રવિણકુમાર |
| લીમડી | - | ચૌહાણ ભારતીબેન ભલસિંહ |
| કંબોપા | - | ઠાકોર સોમીબેન ભારૂભાઈ |
| મેઘલીયા | - | ચૌહાણ સુધાબેન અરૂણભાઈ |
| નવગામા | - | ચૌહાણ શીતલબેન પ્રકાશભાઈ |
| ઓથવાડ | - | ઠાકોર ઉર્મિલાબેન યોગેન્દ્રસિંહ |
| પિલોદરા | - | પટેલીયા રંજનબેન ધર્મેશભાઈ |
| પૃથ્વીરાજપુરા (કઢૈયા) | - | બારૈયા વિણાબેન બળવંતસિંહ |
| રૈયોલી | - | વણકર ગીતાબેન ખુશાલભાઈ |
| રાજપુરા(બાલા) | - | પટેલ કિરીટભાઈ કાળાભાઈ |
| રાળીયાતા (બાલા) | - | ચૌહાણ અજીતસિંહ પ્રતાપસિંહ |
| રામાના મુવાડા | - | ઠાકોર અલ્કાબેન રણજીતસિંહ |
| સાકરીયા | - | પટેલ રજનીભાઈ ડાહ્યાભાઈ |
| વણાંકબોરી | - | ઝાલા વિનોદસિંહ નાનસિંહ |
| સલિયાવડી | - | ઝાલા રાહુલસિંહ પ્રભાતસિંહ |
| સુતારીયા | - | કાનાભાઈ પુજાભાઈ ઝાલા |

## કડાણા તાલુકાની ગ્રામ પંચાયતોમાં ચુંટાયેલા સભ્યોના નામો

| ગ્રામ પંચાયતનું નામ | - | ચુંટાયેલા સભ્યનું નામ |
|---|---|---|
| તલવાડા | - | પર્વતભાઈ રમણભાઈ ખાંટ |
| આંકલીયા | - | કંકુબેન નરવતભાઈ ડામોર |
| સળીયામુવાડી | - | કિરણભાઈ અજમેલભાઈ માલીવાડ |
| દધાલીયા | - | કૈલાશબેન અરવિંદભાઈ વાગડીયા |
| સરસડી | - | ગેમાભાઈ ભુરાભાઈ પટેલીયા |
| નાનીરાઠ | - | ચતુરભાઈ રૂમાલભાઈ તાવિયાડ |
| મોટા ધરોળા | - | જયદિપસિંહ મનસુખભાઈ પટેલીઆ |
| કડાણા | - | જયંતિલાલ મણીલાલ પ્રજાપતિ |
| ડીંટવાસ | - | જશોદાબેન દિનેશભાઈ ડામોર |
| માલવણ | - | જોશનાબેન કિરણકુમાર સોલંકી |
| ઢીંગલવાડા | - | ઝાલુભાઈ કાળુભાઈ ડામોર |
| ગોલણપુર | - | દિનેશભાઈ વિરાભાઈ ખાંટ |
| મહાપુર(ન) | - | નિરંજનાબેન અશોકકુમાર પટેલ |
| મોટીરાઠ | - | પ્રેમીલાબેન કોયાભાઈ તાવિયાડ |
| કાજળી | - | ભગવત નાનાભાઈ ખાંટ |
| માળ | - | ભારતીબેન યશવંતગર ગોસાઈ |
| રણકપુર | - | ભુરીબેન વાઘાભાઈ ડામોર |
| વડાઝાપા | - | મહાલક્ષ્મીબેન ધનમંયજનભાઈ ખાંટ |
| અમથાણી | - | મંજુલાબેન દેવાભાઈ ડામોર |
| રેલવા | - | રમણભાઈ ધીરાભાઈ ડામોર |
| બચકરીયા ઉત્તર | - | રળીબેન સરદારભાઈ ડામોર |
| વેલણવાડા | - | રાધાબેન સુરેશભાઈ ડામોર |
| ધાસવાડા | - | રામાભાઈ ફુલાભાઈ ખાંટ |
| ઝેંઝવા | - | રેખાબેન કલ્પેશભાઈ ધામોત |
| વાધડીયાના પીથાપુર | - | વિક્રમભાઈ લક્ષ્મણભાઈ વાગડીયા |
| નાની ખરસોલી | - | વિપુલકુમાર શાંતીલાલ વણકર |
| કલીયારી | - | શાંતાબેન રણછોડભાઈ ડામોર |
| સંધરી | - | શાંતાબેન સાલમભાઈ ખાંટ |
| કેળામુળ | - | શાંતાબેન સુખાભાઈ ડામોર |
| કુરેટા | - | શૈલેષભાઈ રામાભાઈ ડામોર |
| શીયાલ | - | સવિતાબેન અર્જનભાઈ પાદરીયા |
| ભેમાની વાવો | - | સુખાભાઈ નાનાભાઈ રાવળ |
| લાડપુર | - | સુખીબેન જયંતિભાઈ ખાંટ |
| રીંગણીયા | - | સુરેશભાઈ રૂગાભાઈ ખાંટ |
| કરવાઈ | - | સોમાભાઈ નાનાભાઈ તરાળ |
| લીભોલા | - | હિનાબેન મનીષભાઈ પટેલ |
| ભાગલીયા | - | રાધાબેન વિક્રમભાઈ માલીવાડ |

## ખાનપુર તાલુકાની ગ્રામ પંચાયતોમાં ચુંટાયેલા સભ્યોના નામો

| ગ્રામ પંચાયતનું નામ | - | ચુંટાયેલા સભ્યનું નામ |
|---|---|---|
| સાંપડીયા | - | જયોતિબેન મનોજકુમાર પટેલ |
| છાપરી | - | રાજીબેન જેસીંગભાઈ માલીવાડ |
| વખતપુર | - | રમીલાબેન કાળુભાઈ પગી |
| મૈયાપુર | - | દિપકકુમાર જગન્નાથ પંડયા |
| મેણા | - | ધુળાભાઈ પુંજાભાઈ માલીવાડ |
| મુડાવડેખ | - | નીરૂબેન પ્રવિણભાઈ બારીયા |
| બામરોડા | - | તુલસીબેન ગણપતરામ પંડયા |
| કારંટા | - | મુમતાજબીબી મુસ્તુજા શેખ |
| વાઢેલા | - | મણીબેન મગનભાઈ ડામોર |
| મદાપુર | - | ભોગીલાલ રૂપાભાઈ ડામોર |
| ખડોદી | - | સર્મિષ્ઠાબેન મનોજકુમાર વાળંદ |
| બોરવાઈ | - | શીવાભાઈ પૂજાભાઈ પગી |
| બાબલીયા | - | સુમિત્રાબેન સુરપાલભાઈ મછાર |
| ધુળેટા | - | સાયભાભાઈ નાથાભાઈ મછાર |
| નવાગામ | - | કાંતિભાઈ કાળુભાઈ ડામોર |
| લીમડી ટીંબા | - | પ્રેમિલાબહેન છગનભાઈ ચમાર |
| ભાદરોડ | - | ચંદુભાઈ મગનભાઈ માલીવાડ |
| નરોડા | - | માલુભાઈ અમરાભાઈ મછાર |
| ખુટેલાવ | - | પરેશભાઈ ભુરાભાઈ ડામોર |
| કાનેસર | - | મુળજીભાઈ માંધાભાઈ વણકર |
| પાંડરવાડા | - | અનિતાબેન શૈલેષભાઈ ડામોર |
| વડાગામ | - | શિલ્પાબેન જસવંતભાઈ પટેલ |
| ગાંગટા | - | ડાહ્યાભાઈ પરષોતમભાઈ પટેલ |
| મોટા ખાનપુર | - | નવિનસિંહ રામસિંહ માલીવાડ |

## વિરપુર તાલુકાની ગ્રામ પંચાયતોમાં ચુંટાયેલા સભ્યોના નામો

| ગ્રામ પંચાયતનું નામ | - | ચુંટાયેલા સભ્યનું નામ |
|---|---|---|
| હાંડીયા | - | જીજ્ઞાસાબેન જયેન્દ્રભાઈ બારોટ |
| રતનકુવા | - | ગોવિંદભાઈ હિરાભાઈ વણકર |
| ખેરોલી | - | મધુબેન જયેશભાઈ પટેલ |
| લીમરવાડા | - | લીલાબેન મહોબતસિંહ ઠાકોર |
| વરધરા | - | કવનકુમાર વિનોદભાઈ પટેલ |
| સારીયા | - | બળવંતભાઈ લક્ષ્મણભાઈ પરમાર |
| કોયલા | - | વિક્રમભાઈ ભાથીભાઈ ખાંટ |
| પાંટા | - | રમીલાબેન જશવંતસિંહ સોલંકી |
| સરાડીયા | - | રમેશભાઈ ચતુરભાઈ સોલંકી |
| ગંધારી | - | સેજલબેન શનાભાઈ ખાંટ |
| કાસોડી | - | ભગવતીબેન નિલેશભાઈ પટેલ |
| ધોરાવાડા | - | રાઈબેન બાબરસિંહ પરમાર |
| જોધપુર | - | મણીબેન વિક્રમભાઈ પરમાર |
| ખરોડ | - | નિલેશ્વરી નરેન્દ્રસિંહ પરમાર |
| આસપુર | - | સૂર્યાબેન અશોકકુમાર ઠાકોર |
| પાંસારોડા | - | શારદાબેન સરદારસિંહ પરમાર |
| કુંભરવાડી | - | કેશરબેન હિતેન્દ્રકુમાર માલીવાડ |
| ડેભારી | - | નીરૂબેન રમણભાઈ હરીજન |
| કોયડમ | - | પારૂલબેન રણજીતસિંહ બારીયા |

# સમગ્ર મહીસાગર જિલ્લામાં લાગુ કરવામાં આવેલ નિયંત્રણો તા.૩૧મી સુધી લંબાવવામાં આવ્યા

લુણાવાડા, વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા નોવેલ કોરોના વાયરસ (કોવિડ-૧૯)ને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. સમગ્ર દેશમાં તથા ગુજરાત રાજયમાં પ્રતિદિન કોરોના વાયરસની પરિસ્થિતિને ધ્યાને લેતાં કોરોના વાયરસથી થતી સંક્રમણની અસરોને પહોંચી વળવા તેમજ રોગ અટકાયત નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર રાજય સરકારના ગૃહ વિભાગના તા.૧૦/૧૨/૨૦૨૧ના હુકમને ધ્યાને લઈ મહીસાગર-લુણાવાડાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એ. આઇ. સુથારએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તથા ધી એપેડેમીક ડીસીઝ એક્ટ-૧૮૯૭, ધી ગુજરાત એપેડેમીક ડીસીઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ, ૨૦૨૦ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ની કલમ-૩૪ હેઠળ મળેલ સત્તાની રૂઈએ અને જોગવાઈઓને આધીન તાત્કાલિક અસરથી તા.૨૦/૧૨/૨૦૨૧ સુધી અમલમાં રહે તે માટે સમગ્ર મહીસગાર જિલ્લામાં કેટલાંક નિયંત્રણો મૂકવામાં આવ્યા હતા. જે નિયંત્રણો રાજ્ય સરકારના ગૃહ વિભાગના તા.૨૦/૧૨/૨૧ના હુકમ અનુસાર આ નિયંત્રણો હવે તા.૩૧/૧૨/૨૧ સુધી લંબાવવામાં આવેલ હોઈ તેનું જિલ્લાના નાગરિકોને પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ હુકમ સરકારી ફરજ-કામગીરી ઉપરના હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી, સરકારી/ખાનગી દવાખાનાના સ્ટાફ તથા ઈમરજન્સી સેવા, કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ જાહેર સેવક કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તેમજ આવશ્યક ચીજવસ્તુઓનું પરિવહન કરતા વાહનો તથા સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ અધિકૃત પાસ ધરાવતા વ્યક્તિઓ અને વાહનોને લાગુ પડશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ની કલમ-૧૮૮, ધી એપેડેમીક ડિસીઝ એક્ટ, ૧૮૯૭, ધી ગુજરાત એપેડેમીક ડીસીઝ કોવિડ-૧૯ રેગ્યુલેશનસી, ૨૦૨૦ની જોગવાઈઓ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ની જોગવાઈઓ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમથી મહીસાગર જિલ્લામાં ફરજ પરના હાજર એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ તેમજ પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને તથા આરોગ્ય વિભાગના અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે લેખિત ફરિયાદ નોંધવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે.

## દૂરસંચાર વિભાગ તરફથી નવો નિયમ ડીકલેર : કોઈપણ મોબાઈલ યુઝર્સ ૯ થી વધારે સીમકાર્ડ રાખી શકશે નહીં

દે.બારીયા, ભારતીય દૂરસંચાર વિભાગ તરફથી એક નવો નિયમ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં વધારે સીમ રાખવાની છૂટને સમાપ્ત કરી દીધી છે. દૂરસંચાર વિભાગના નવા નિયમ અનુસાર ૯ થી વધારે સીમ રાખનાર યુઝર્સને સીમકાર્ડનું વેરીફિકેશન કરવું અનિવાર્ય થઈ ગયું છે. જો યુઝર્સ આવું નથી કરતા તો આપનું સીમ કાર્ડ ડીએકટીવ એટલે કે બંધ કરી દેવામાં આવશે. ડીઓટીના નવા નિયમ મુજબ ડીસેમ્બર ૨૦૨૧ થી દેશભરમાં પણ કરી દીધો છે.

ડીઓટી એ તમામ ટેલિકોમ ઓપરેટર્સને આદેશ જારી કર્યો છે કે જે યુઝર્સની પાસે ૯ થી વધારે સીમકાર્ડ છે. તેમને નોટીફિકેશન મોકલવામાં આવશે. આવા તમામ સીમકાર્ડના આઉટ ગોઈંગ કરેલ ૩૦દિવસની અંદર બંધ કરી દેવામાં આવશે. જ્યારે ઈનકમીંગ કોલને ૪૫ દિવસની અંદર બંધ કરવાનો આદેશ આપ્યો છે. જો કે, મોબાઈલ સીમ યુઝર્સની પાસ એકસ્ટ્રા સીમને સરેન્ડર કરવાનો પણ ઓપ્શન હશે. જો સબ્સક્રાઈબર્સ તરફથી નોટીફાઈલ કરવામાં આવેલા સીમને વેરીફાઈન નહીં કરાવે તો આવા સીમકાર્ડને ૬૦ દિવસની અંદર બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. જો સબ્સક્રાઈબર ઈન્ટરનેશનલ રોમીંગ બિમાર અને વિકલાંગ વ્યકિતઓને ૩૦ દિવસનો વધારે સમય આપવામાં આવશે. જો લોક ઈન્ફોર્સમેન્ટ એજન્સી તરફથી અથવા તો બેંક અથવા કોઈ અન્ય વાણિજય સંસ્થા તરફથી મોબાઈલ નંબર વિરૂદ્ધ ફરિયાદ મળે છે. તો આવા સીમકાર્ડના આઉટ ગોઈંગના કોલને સીઈ પાંચ દિવસ માંજ બંધ કરવામાં આવશે. આની સાથે ઈનકમીંગ કોલ દશ દિવસમાં જ બંધ થઈ જશે. ભારતીય દુરસંચાર વિભાગ ૯ થી વધારે સીમકાર્ડ રાખનારા મોબાઈલ યુઝર્સને ટુંક સમયમાં વેરીફિકેશન પુરું કરવાનો આદેશ આપ્યો છે. નિયમ મુજબ એક યુઝર્સ વધારેમાં વધારે ૯ સીમકાર્ડ ખરીદી શકે છે. પરંતુ જમ્મુ-કાશ્મીર તેમજ આસામ સહિત પૂર્વોત્તરના રાજયોના યુઝર્સ વધુમાં વધુ છ સીમકાર્ડ રાખવાનો નિયમ છે. ડીઓટીના જણાવ્યા મુજબ યુઝર્સની આઈ.ડી.પર ૯ થી વધારે સીમકાર્ડ ગેરકાનૂની છે. આ સ્થિતીમાં યુઝર્સ પોતાની મરજીથી સીમકાર્ડ બંધ કરાવી શકે છે. દુરસંચાર વિભાગે ઓનલાઈન ફોર્ડ આપતિજનક કોલ તેમજ અન્ય ફ્રોડ જેવી ઘટનાઓને રોકવા માટે નકલી સીમકાર્ડનો ફેલાયેલા નેટવર્કને નિયંત્રણ કરવાના ઉદ્દેશયથી આ નવો નિયમ લાગુ કરવામાં આવ્યો છે.

## ઝાલોદની જાફરાપુરા ગામે ઉમેદવારના વિજય સરઘસના ઈસમોએ પથ્થરમારો અને વાહનોની તોડફોડ કરી

દાહોદ, દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના જાફરપુરા ગામે ગ્રામ પંચાયતની ચુંટણીમાં વિજયી થયેલ ઉમેદવારના વિજય સરઘસમાં ૭ જેટલા ઈસમોના ટોળાએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી ભારે ધિંગાણું મચાવી પથ્થર મારો કરી તેમજ વાહનોની તોડફોડ કર્યા બાદ ખેતરમાં મુકી રાખલ ઘાસના પુળામાં આગ ચંપી કરી નુકસાન પહોંચતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે ગુનો નોંધી આરોપીઓના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

ગત તા.૨૧મી ડિસેમ્બરના રોજ ગ્રામ પંચાયતની ચુંટણીમાં જાફરપુરા ગ્રામ પંચાયતના ઉમેદવાર પ્રકાશભાઈ લાલસીંગભાઈ ડામોર સરપંચ પદ પર વિજેતા જાહેર થયાં હતાં અને ગામમાં તેમનો વિજયોઉત્સવ રૂપે સરઘસ નીકળ્યું હતું. આ દરમ્યાન ગામમાં રહેતાં ધર્મેન્દ્ર ઉર્ફે ધમો શંકરભાઈ ડામોર, મુકેશભાઈ પુનીયાભાઈ ડામોર, રાકેશભાઈ સવલાભાઈ ડામોર, મંજુભાઈ દલસીંગભાઈ ડામોર, પારસીંગભાઈ સમુડાભાઈ ડામોર, પારૂભાઈ ચુનીયાભાઈ ડામોર અને રમણભાઈ મનીયાભાઈ ડામોરનાઓ એકપંસ થઈ ગેરકાયદે મંડળી બનાવી વિજય સરઘસમાં કીકીયારીઓ કરી આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી ગામમાં રહેતાં બળવંતભાઈ દામાભાઈ મછાર વિગરેને બેફામ ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને બળવંતભાઈના ઘરના આગણમાં મુકી રાખેલ વાહનોની તોડફોડ કરી, ભારે પથ્થર મારો કર્યો હતો. મનસુખભાઈ, છગનભાઈ અને મગનભાઈને છુટ્ટા પથ્થરો મારી શરીરે ઈજાઓ પહોંચાડી હતી અને સુરતાન વાલસીંગભાઈ તંબોળીયાના કેતરમાં સુકા મકાઈના ઘાસના ભેગા થયેલ પુળામાં આગ ચંપી નુકસાન પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે બળવંતભાઈ દામાભાઈ મછારે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : આવકના નવા સ્રોત ખુલશે,સ્નેહીમીત્રોથી સહયોગ મળશે, પરિવારના સબંધોમાં મજબૂતાઈ જણાશે, રોજગારી માટે સારી તકો મળશે.

વૃષભ (બ.વ.ઉ.) : વડીલોનો ઉત્તમ સહયોગ મળશે, ઢીંચણ સાંધા વિષયક તકલીફ જણાશે, રોજગારી માટે ઉત્તમ તકો મળશે, મધુર વાણીથી કામ સરળ બનશે.

મિથુન (ક.છ.ઘ.) : ધંધાકિય યોજનાઓ બનાવી શકશો, નોકરીયાતની ઈચ્છાઓ પૂર્ણ થશે, કરેલો પરિશ્રમ ફળદાઈ બનશે, પ્રેમ સબંધોમાં દુરી જણાશે.

કર્ક (ડ.હ.) : સરકારી કામમાં લાભ મળશે, ધંધાકિય કામમાં લાભ થશે, કોર્ટ કચેરીનાં કામકાજમાં સાચવવુ, નાના પ્રવાસના યોગો બને.

સિંહ (મ.ટ.) : આર્થિક પાસુ મજબૂત બનશે, ધંધાકીય બાબતોમાં પ્રગતિ થશે, લેવડ દેવડમાં સાચવીને કામ કરવુ, ખાવાપીવામાં કાળજી રાખવી.

કન્યા (પ.ઠ.ણ.) : પરિવારજનોનો સહયોગ મળશે, યાત્રા પ્રવાસના યોગોથી લાભ થશે, અવિવાહિતને સારા સમાચાર મળશે, જમીન અને તેને લગતા રોકાણોથી લાભ થશે.

તુલા (ર.ત.) : આર્થિક બાબતોમાં સામાન્ય પરેશાની જણાશે, નોકરીયાતને કામમાં નવીન તકો મળે, પારિવારીક સંઘર્ષથી દૂર રહેવું, કોઈપણ નિર્ણયો સમજી વિચારીને લેવા.

વૃશ્ચિક (ન.ય.) : પરદેશના કામકાજમાં લાભ થશે, નોકરીયાતને કાર્યભારમાં વધારો થશે, પૈતૃક સંપત્તિને લગતા પ્રશ્નોનો ઉકેલ આવશે, વિદ્યાર્થિઓને મહેનતનુ ફળ મળશે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : જુની ઉઘરાણીમાં લાભ થશે, આવક-જાવકનુ પ્રમાણ જળવાઈ રહેશે, વાહન ચલાવવામાં કાળજી રાખવી, સહકર્મચારીનો સહયોગ મળશે.

મકર (ખ.જ.) : જીવનસાથીનો સહયોગ અને સાનિધ્ય મળશે, આવકના નવા દ્વાર ખુલશે, કોઈપણ કાર્યમાં ધીરજ રાખવી, મુશ્કેલીમાંથી માર્ગ મળશે.

કુંભ (ગ.શ.સ.ષ.) : ભાઈ બહેનોના સબંધમાં મધુરતા જણાશે, સારા સમાચારથી ખુશીમાં વધારો થશે, કોઈપણ રોકાણ માટે સમય મધ્યમ છે, તનાવવાળા કામકાજમાં સાચવીને કામ કરવું.

મીન (દ.ચ.ઝ.થ.) : ઘર વપરાશની ચીજોમાં ખર્ચાઓ થશે, સામાજીક પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે, માલ મિલકતને લગતા પ્રશ્નોમાં મુશ્કેલી જણાશે, નોકરીમાં મહેનતનું ફળ મળશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# લીમખેડાની ૩૮ ગ્રામ પંચાયતોની મતગણતરીમાં વિજેતા ઉમેદવારોના વિજય સરઘસ નિકળ્યા

દાહોદ,
લીમખેડા તાલુકાની ૩૮ ગ્રામ પંચાયતોની ચૂંટણીની મતગણતરી મંગળવારે મોડેલ શાળાના ખંડમાં ૯ કલાકે શરૂ થઈ હતી વિજેતાઓને જાહેર કરાતાં ઉપસ્થિત હજારો સમર્થકોએ વિજય નારા પોકાર્યા હતા અને વિજેતા ઉમેદવારોના ગુલાલની છોળો અને ફુલહારથી સ્વાગત કરી રાજમાર્ગો પર વિજય સરઘસ ફર્યા હતા મોડી રાત સુધી પંચાયતોની મતગણતરી ચાલી હતી.

લીમખેડા તાલુકામાં ગત ૧૯ મી ડિસેમ્બરના રોજ યોજાયેલી ૩૮ ગ્રામ પંચાયતોની ચૂંટણીની મતગણતરી આજે મંગળવારે સવારમાં ૯ કલાકે લીમખેડામાં પાલ્લી ખાતે આવેલી મોડેલ શાળાના ખંડમાં શરૂ થવા પામી હતી અલગ-અલગ ૧૦ ખંડમાં ૨૦ ટેબ્લો ઉપર ૬૦ કર્મચારીઓએ મતગણતરી હાથ ધરી હતી બેલેટ પેપર હોવાથી ધીમી ગતિએ પરિણામો જાહેર થતાં હતા તેથી સાંજના ૫.૩૦ વાગ્યા સુધીમાં તો માત્ર ૧૭ પંચાયતો નું પરિણામ જાહેર થયું હતું. નિનામાની વાવ ગામે કાળુભાઈ સંગજી ભાઈ નીનામા અને તેના હરીફ ઉમેદવાર વચ્ચે એક સરખા ૬૦૦ મત મળતાં ટાઈ પડી હતી તેથી રિ કાઉન્ટિંગ દરમિયાન તેઓના હરિફ ઉમેદવારનો એક મત ઓછો થતાં કાળુભાઈ સંગજી ભાઈ નીનામા ૬૦૦ મત મેળવી વિજય થયા હતા તેમજ ચિલાકોટા ગ્રામ પંચાયતમાં વોર્ડ નંબર ૧ પણ ફકરૂં ભાઈ તડવી અને સુરપાલ ભાઈ સંગાડા વચ્ચે ૧૩૫ મતે ટાઈ પડતા બંને ઉમેદવારોના જીવ પડીકે બંધાયા હતા ચિઠ્ઠી ઉછાળતા ફકરૂ ભાઈ તડવી ની જીત જાહેર કરી હતી.

આમ ૩૮ ગ્રામ પંચાયતો માટે સરપંચના ૧૩૨ અને ૨૭૦ વોર્ડ બેઠકોમાં સભ્યપદ માટે ૭૧૭ ઉમેદવારોના તારીખ ૧૯ મી ડિસેમ્બરના રોજ મતપેટીમાં સીલ કરાયેલા ભાવિ આજે ૨૧મી મંગળવારના રોજ ખુલ્યા હતા છેલ્લા કેટલાક સમયથી જીતનો દાવો કરતાં ઉમેદવારોમાં આજે કહી ખુશી કહી ગમ જેવો માહોલ છવાયો હતો ત્યારે તેમના ચહેરા પર આનંદ છલકાતો હતો વિજેતા બનેલા ઉમેદવારોના ઢોલ નગારા અને ગુલાલની છોળો વચ્ચે નગરમાં વિજય સરઘસ નિકળ્યા હતા.

# દે.બારીયામાં ૨૧ વર્ષીય યુવતી પર બળાત્કાર ગુજારાયો અને ચપ્પુ ના ઘા ઝીંકાયા



દાહોદ,
પોતાના ઘર નજીક ખુલ્લામાં સંડાશ કરવા ગયેલ દેવગઢ બારિયા તાલુકાના સીંગેડી ગામ ની ૨૧ વર્ષીય અપરણિત યુવતીને તેના જ ગામના કામાંધ યુવાને પકડી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી તેણીને તુવેરના વાવેતર કરેલા ખેતરમાં લઈ જ ઈ તેણીની મરજી વિરૂદ્ધ બળાત્કાર ગુજારી તું મારી સાથે કેમ બોલતી નથી તેમ કહી ઉશ્કેરાઈ જઇ તેના ખિસ્સામાંથી ચપ્પુ કાઢી તેણીને મારી નાખવા સારૂં ગળાના ભાગે ઉપરાઉપરી ત્રણ વાર ચપ્પુ મારી ગંભીર ઈજાઓ કરી નાસી ગયાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દેવગઢ બારિયા તાલુકાના સીગેડી ગામના કુવા ફળિયામાં રહેતી ૨૧ વર્ષીય અપરિણીત યુવતી પરમ દિવસે તારીખ ૨૧ ૧૨ ૨૦૨૧ ના રોજ રાત્રીનાં દશેક વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક ખુલ્લામાં કુદરતી હાજતે ગઈ હતી. તે સમયે તેની એકલતાનો લાભ લેવા આવી ગયેલ તેના જ ગામના માનાભાઈ શંકરભાઈ કોળી પટેલે તેણી ને પકડી તું બુમો પાડીશ તો તને જાનથી મારી નાખીશ તેવી ધાક ધમકીઓ આપી તેણીને ખેંચીને તુવેરના વાવેતર કરેલ ખેતરમાં લઈ જઇ તેણીની મરજી વિરૂદ્ધ બળાત્કાર ગુજાર્યો હતો ત્યારબાદ તેને ગાળો બોલી તું મારી સાથે કેમ બોલતી નથી કેમ કહી એકદમ ઉશ્કેરાઇ જઇ તેને તેના ખિસ્સામાંથી ચપ્પુ કાઢી તેણી ને મારી નાખવા સારૂં તેણીના ગળાના ભાગે ઉપરા ઉપરી ત્રણ વાર ચપ્પુ ના ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી નાસી ગયો હતો. આ સંબંધે બળાત્કારનો ભોગ બનેલ પીડિતાએ નોંધાવેલ ફરિયાદને આધારે દેવગઢબારિયા પોલીસે સીંગેડી ગામ ના માનાભાઈ શંકરભાઈ કોળી પટેલ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

## દાહોદના ગરબાડાના સાહડા ગામમાં ટેબલ ચિન્હ રાખવું ભારે પડ્યું

**સાહડા ગામમાં ગ્રામજનો બેલેટને બદલે ટેબલ પર સિક્કો મારી આવ્યા**

દાહોદ,
દાહોદના ગરબાડા તાલુકાના સાહડા ગામમાં રવીવારે ૨૬૫૫ મતદારોમાંથી ૨૧૪૨ મતદારોએ મતદાન કર્યું હતું. શાળાના ત્રણ રૂમમાં મતકુટીર મુકી હતી તેની ઉપર સિક્કા મારેલા જોવા મળ્યા હતાં. લોકોએ બેલેટ પેપરમાં ટેબલના નીશાનના સ્થાને મતકુટીરના ટેબલ ઉપર જ સિક્કા મારીને કોરા બેલેટ મતપેટીમાં નાખ્યા હોવાની આશંકા વ્યક્ત કરાઈ હતી. બુથ નંબર ત્રણના ટેબલ ઉપર તો ૧૬૫ જેટલા સિક્કા મારેલા જોવા મળ્યા હતાં. ત્યારે મંગળવારે સાહડા ગ્રામ પંચાયતની ચુંટણીનું પરિણામ આવતાં ૧૯૮ મત રદ થયા હતાં. જેમાંથી મહત્તમ કોરા હતાં. ટેબલ નીશાન હતું તે સરપંચ પદના મહિલા ઉમેદવારને ૫૪૪ મત જ્યારે સામેના મહિલા ઉમેદવારને ૫૭૫ મત મળ્યા હતાં. ટેબલનું નીશાન ધરાવતા ઉમેદવાર માત્ર ૩૧ મતે પરાજિત થયા હતાંદાહોદના ગરબાડા તાલુકાના સાહડા ગામમાં રવીવારે મતદાનમાં મતદારો બેલેટ પેપરમાં ટેબલના ચિન્હ ઉપર સિક્કો મારવાના સ્થાને ટેબલ ઉપર જ સિક્કો મારીને કોરા મતપત્રક પેટીમાં નાખી આવ્યા હોવાની શંકા જતાવી હતી. જે મંગળવારે પરિણામ આવતાં સાચી પડી છે. સાહડામાં રદ થયેલા ૧૯૮ મતમાંથી મહત્તમ કોરા નીકળ્યા હતાં. અહીં ટેબલના નીશાન ઉપર ચુંટણી લડનાર સરપંચ પદના ઉમેદવાર માત્ર ૩૧ મતે પરાજિત થયા હતાં.


## લીમેખડાના ખીરખાઈ ગામે હારેલા ઉમેદવાર સહિત ૧૫૦ના ટોળા દ્વારા મારામારી કરી આગ ચંપી

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ખીરખાઈ ગામે ગ્રામ પંચાયતની ચુંટણીમાં હારી જતાં હારેલા ઉમેદવારના મહિલા સહિત ૧૫૦ ઈસમોના સશ્ત્ર ટોળાએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી ગાયો ભેસોને માર મારી અને આગ ચંપી કરી ઘરમાં તોડફોડ કરી ભારે ધિંગાણું મચાવી રૂા.૪ લાખનું નુકસાન પહોંચાડ્યાનું જાણવા મળે છે.

ગત તા.૨૧મી ડિસેમ્બરના રોજ ખીરખાઈ ગામે રહેતાં ચંદુભાઈ અમરાભાઈ કટારા, મુકેશભાઈ ચંદુભાઈ કટારા સહિત તેમની સાથે મહિલા સહિત ૧૫૦ ઈસમોના ટોળાએ પોતાનો ઉમેદવાર ગ્રામ પંચાયતની ચુંટણીમાં હારી જતાં તેની અદાવત રાખી પુર્વ આયોજીત કાવતરૂં રચી ગામમાં રહેતાં પોપટભાઈ રાજુભાઈ ડામોરના ઘર તરફ આવી પોતાની સાથે તલવાર, ધારીયા, તીરકામઠા, કારબામાં પેટ્રોલ વિગેરે જેવા મારક હથિયારો સાથે લાવી બેફામ ગાળો બોલતાં હતાં અને એકદમ ઉશ્કેરાઈ જઈ ઘર તરફ આગ ચંપી કરી, ગાય, ભેસને માર મારી, ઘરમાં પણ તોડફોડ કરી રૂા.૪ લાખનું નુકસાન પહોંચાડ્યું હતું.

આ સંબંધે પોપટભાઈ રાજુભાઈ ડામોરે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીયા શહેરના ભેદરવાજા પાસેનો વન વે રોડના ઉપર સ્ટેન્ડ પોલ ઉભા કરી દેતા ટ્રાફિક જામ થાય છે



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,
દે.બારીયા શહેરનું રજવાડી સ્ટેટના સમયનું પ્રવેશ દ્વારને ઐતિહાસિક ધરોહરમાં ગણના થાય છે આ પ્રવેશ દ્વારને વાહનોથી કોઇ ક્ષતિના થાય તેના કારણે પ્રવેશ દ્વારની બાજુમાંથી એક વન વે રોડની રચના કરી હતી.

આ વન વે રોડ ઘણા ઉપયોગી સાબિત થયો હતો. અને આ વન વે રોડ થી ટ્રાફિકની સમસ્યા દુર થઈ હતી અને પ્રવેશ દ્વારને કોઈપણ નુકશાનીથી બચાવી શક્યા પરંતુ આ ઐતિહાસિક પ્રવેશ દ્વારની પાસે વન વે રોડને છેલ્લા બે-ત્રણ માસ થી નગર પાલિકાના વોર્ટસ વર્ક વિભાગના દ્વારા આ વન વે રોડ ઉપર સ્ટેન્ડ પોલ ઉભા કરી દેવાતા ભે દરવાજાની અંદર ટ્રાફિક જામ થઈ જાય છે. જેથી કલાકો સુધી વાહન ચાલકોને અને ખાસ કરી ૧૦૮ તથા એમ્બ્યુલન્સના ચાલકોકોઈ દર્દીને પ્રસૃતિ માટે તાત્કાલીક હોસ્પિટલ લઈ જવામાં મુશ્કેલીઓનો સામનો છે. આ સ્ટેન્ડ ગાર્ડ હટાવાયા તો જ ટ્રાફિકની સમસ્યા દુર થાય એમ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેરના ભેદરવાજાની બીલકુલ બાજુમાંથી વન વે રોડ ચાલુ કરવામાં આવ્યો હતો. છેલ્લા ઘણા સમય થી નગર પાલિકાના વોટર્સ વિભાગના કર્મીઓના દ્વારા પોતાના મનસ્વી રીતે આ રોડને સ્ટેન્ડ ગાર્ડ ઉભા કરીને બંધ કરાતા ટ્રાફિકની સમસ્યા વધી જવા પામી છે. જેથી માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર તેમજ નગર પાલિકાના તંત્ર ભેગા મળી સમન્વય કરી આ સ્ટેન્ડગાર્ડને વહેલીતકે હટાવી લઈ ૧૦૮ તથા એમ્બ્યુલન્સનો જે ટ્રાફિક સમસ્યા નડે છે અને દર્દીને વહેલામાં વહેલી તકે હોસ્પિટલમાં પહોંચાડવા માટે જીમ્મેદારી હોય છે. તે આ સ્ટેન્ડ પોલના કારણે ટ્રાફિકની સમસ્યા જે થાય છે. તે દુર કરવામાં આવે તેવી આમ જનતા તથા વાહન ચાલકોની માંગ ઉઠવા પામી છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

**શ્રીમતી ચંદ્રકાન્તાબેન જી. ધાનકા સાયન્સ કોલેજ નગરાળામાં આજે તા.૨૨/૧૨/૨૦૨૧ ના રોજ ભારતીય ગણિતશાસ્ત્ર સર "શ્રીનિવાસ રામાનુજન" ની ૧૨૫મી જન્મ જયંતી ઉજવવામાં આવી હતી જેમાં કોલેજના ગણિત ના અધ્યાપક હર્શદીપ દબગર તેમજ કોલેજ ના આચાર્ય નિશીથ જે. મોઢીયા અને સ્ટાફ મિત્રોએ તમામ વિદ્યાર્થીઓને તેમનો જીવન પરિચય તથા મેળવેલ પ્રસિદ્ધિઓ ની માહિતી આપી માહિતગાર કર્યા હતા.**

## દાહોદ રાજપર ગામે હારેલ ઉમેદવારે સમર્થકો સાથે વિજેતા ઉમેદવારના ઘર ઉપર પથ્થરમારો કર્યો

દાહોદ,
દાહોદ તાલુકાના રાજપુર ગામે ગ્રામ પંચાયતની ચુંટણીમાં હારી જતાં હારેલ ઉમેદવારના ૧૦ જેટલા સમર્થકો દ્વારા ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે માર હથિયારો ધારણ કરી જીતેલ ઉમેદવારના ઘર પર ભારે પથ્થર મારો કરી એકને લાકડી વડે તથા છુટા પથ્થરો વડે માર મારી ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી જેને પગલે પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

ગત તા.૨૧મી ડિસેમ્બરના રોજ રાજપુર ગામે માળી ફળિયામાં રહેતાં બદીયાભાઈ શકરીયાભાઈ ડામોર, અજયભાઈ બદીયાભાઈ ડામોર, વિજયભાઈ બદીયાભાઈ ડામોર, કસુભાઈ સુરસીંગભાઈ ડામોર, જેન્તીભાઈ કાળીયાભાઈ ડામોર, ચતુરભાઈ સુરસીંગભાઈ ડામોર, અજયભાઈ હરસીંગભાઈ ડામોર, તોફાનભાઈ માનીયાભાઈ ડામોર, અલ્કેશભાઈ તોફાનભાઈ ડામોર અને નૈનેશભાઈ મતાભાઈ ડામોરનાઓએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે લાકડીઓ, મારક હથિયારો તેમજ હાથમાં પથ્થરો લઈ ગામમાં રહેતાં શૈલેશભાઈ વેસ્તાભાઈ ડામોરના ઘર તરફ આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તારા ભાઈએ અમારા સામે ઉમેદવારી નોંધાવેલ તેના લીધે અમો હારી ગયેલ છીએ તેમ કહી દીપસીંગભાઈ વેસ્તાભાઈ ડામોરને માથાના ભાગે લાકડી મારી તેમજ છુટ્ટા પથ્થરો મારી છાતીના ભાગે ઈજાઓ પહોંચાડી હતી અને મકાન ઉપર ભારે પથ્થર મારો કરી ધિંગાણું મચાવતાં આ સંબંધે શૈલેષભાઈ વેસ્તાભાઈ ડામોરે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સંજેલીની જસુણી ગામે મતદાન પેટીમાંથી વધારે મત નિકળતા ફરી મતદાનની માંગણી કરાઇ

દાહોદ,
દાહોદ જિલ્લાના સંજેલી તાલુકામાં આવેલ જસુણી ગ્રામ પંચાયતમાં મતદાન પેટીમાંથી વધારે મતપત્ર નીકળેલ હોવાના આક્ષેપો સાથે ફરી મતદાન કરાવવા એક અરજદાર દ્વારા મામલતદારને રજુઆત કરવામાં આવી છે.

જસુણી ગામે રહેતાં બામણીયા રવિન્દ્રકુમાર નામક અરજદાર દ્વારા સંજેલી મામલતદારને લેખીત રજુઆત કરી જણાવ્યું હતું કે, જસુણી-૧ અને જસુણી-૨ મતદાન મથકની મતપેટીમાંથી થયેલ મતદાન કરતાં વધુ મતપત્ર નીકળ્યાં હતાં જેથી જસુણી પંચાયતની ચુંટણી પરિણામ રદ કરી ફરી મતદાન કરાવવા તેમજ મત ગણતરી સમયે સ્થળ પર એજન્ટ અને ઉમેદવારના મોબાઈલ લઈ જવા પ્રતિબંધ હોવા છતાં મહેન્દ્રભાઈ વેલજીભાઈ મતગણાતરી સ્થળ પર મોબાઈલ પર ચર્ચા કરતાં હોવાના પણ આક્ષેપો કરવામાં આવ્યાં હતાં કારણે ફરી મતદાન કરાવવા રજુઆત કરવામાં આવી હતી.

## સીંગવડ તાલુકાના કેસરપુરા ગામે ચૂંટણીના મુદ્દે ઘરોના સામાન તથા વાહનોની તોડફોડ કરાય કરાઈ

સીંગવડ,
સીંગવડ તાલુકાના કેસરપુરા ગામે મતગણતરી બાદ હારેલા ઉમેદવારના ૪૫ જેટલા સમર્થકોના ટોળાએ જીતેલા ઉમેદવારના ઘર આગળ જઈ ઘરનો સામાન ઘર આગળ ઊભેલા વાહનોની તોડફોડ કરી એક ઈસમને દાતરડું મારી ઈજાઓ કરી ધીંગાણું આવ્યાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર ઝારોલા ગામના મહેશભાઈ ભારત ભાઈ બારીયા સહિત ૪૫ માણસોના ટોળાએ ચૂંટણીનું પરિણામ આવ્યા બાદ સાંજના સાડા ચાર વાગ્યાના સુમારે મારક હથિયારો લઈ કરતા કરતા માવસિંગભાઈ મુળાભાઈ પટેલના ઘર આગળ આવી કહેવા લાગેલા કે તું કેમ અમારી સામે ઉમેદવારી કરી હતી તું ઘરમાંથી બહાર નીકળ તેમ કહી માવસિંગભાઈ મુળાભાઈ પટેલ ના ઘરનો સરસામાન ની તથા ઘર આગળ મૂકેલા વાહનોની તોડફોડ કરી પોતાના ઘર પાછળ ઉભેલ લાલકૃષ્ણ હિંમતભાઈ ખરસાણી અને હાથની હથેળી ના ભાગે દાતરડુ મારી સાધારણ ઈજા કરી તથા લેપટોપ ચોરી કરી લઇ ગયા હતા. આ સંબંધે કેસરપુરા ગામના માવસિંગભાઈ મુળાભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદના આધારે ૪૫ ઈસમોના ટોળા વિરૂદ્ધ રણધિકપુર પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે રાજ્ય કક્ષા શાળાકીય આર્ચરી સ્પર્ધા દેવગઢબારીયાના રમત ગમત સંકુલ ખાતે યોજાશે

દાહોદ,
આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે રાજ્ય કક્ષા શાળાકીય આર્ચરી સ્પર્ધા આગામી તા. ૨૯ ડિસેમ્બરથી તા. ૩૧ ડિસેમ્બર દાહોદ જિલ્લાના રમત ગમત સંકુલ, દેવગઢ બારીયા તાલુકા ખાતેના યોજાશે. અંડર ૧૯ ભાઇઓ બહેનો માટેની આ રાજ્ય કક્ષા સ્પર્ધામાં ભાગ લેવા માટે ગુજરાત રાજ્યના તમામ જિલ્લાની પસંદગી પામેલ એન્ટ્રી તા. ૨૭ ડિસેમ્બર,૨૦૨૧ સુધીમાં મોકલી આપવાની રહેશે. આ સ્પર્ધામાં જિલ્લા કક્ષાની આર્ચરી સ્પર્ધામાં વિજેતા બનેલા ખેલાડીઓ ભાગ લેશે. રાજ્ય કક્ષા સ્પર્ધા આર્ચરી અં-૧૯ ભાઇઓ બહેનોની સ્પર્ધામાં ભાગ લેનાર જિલ્લા કક્ષાએ પસંદગી થનારા ખેલાડીઓની યાદી જિલ્લા રમત ગમત અધિકારીની કચેરીના ઇમેઇલ આઇડી dsodahod12gmail.com પર મોકલી આપવાની રહેશે. આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા આયોજીત અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દાહોદ દ્વારા સંચાલિત રાજ્ય કક્ષા શાળાકીય અંડર ૧૯ ભાઇઓ બહેનોની સ્પર્ધા ૨૦૨૧ રમત ગમત સંકુલ, દેવગઢ બારીયા ખાતે યોજાવાની છે.

# સંજેલીના ઝુસા ગામના ૨૦ બાઉન્સરો સાથે ફરતાં સરપંચના ઉમેદવાર વિજય થતાં સમર્થકોમાં આનંદ

દાહોદ,
દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના ઝુસા ગામમાં સરપંચ પદના ઉમેદવારે પોતાના સ્વરક્ષણ માટે લાખ્ખોના ખર્ચે ૨૦ બાઉન્સર રાખ્યાં હતાં જે ઉમેદવાર સરપંચ પંદે ચુંટાઈ આવી વિજય જાહેર થતાં સમર્થકોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી.

દાહોદ જિલ્લામાં ગામડાઓમાં લાખો રૂપિયાના ખર્ચ પંચાયતની ચુંટણીમાં થાય છે ત્યારે આ ચુંટણીઓ સંવેદનશીલ પણ એટલી જ હોય છે તેવા સમયે એક ખોબલવા જેટલા ગામનો સંજેલી તાલુકાના ઝુસા ગામનો માનસીંગભાઈ કાનજીભાઈ રાવત ૨૦ જેટલા બાઉન્સર લઈને ચુંટણી જંગમાં ઉતરતા આ જિલ્લામાં પંચાયતી રાજનુ કેટલું મહત્વ છે તે સમજી શકાય તેવી બાબત છે. દાહોદ જિલ્લો પછાત કહેવાય છે પરંતુ તે જિલ્લામાં સત્તા મેળવવાની પરાકાષ્ઠા કેવી છે તે કેટલાંક કિસ્સાઓ પરથી પુરવાર થઇ જાય છે.

માનસીંગભાઈ કાનજીભાઈ રાવતે ખાનગી સીક્યુરીટીના ૨૦ જેટલા બાઉન્સરો સ્વરક્ષણ માટે રાખ્યા હતાં તેમના કહેવા મુજબ ગામમાં પ્રચારમાં સામા પક્ષેથી ધાક ધમકી આપવામાં આવે હતકી. આખી રાત વાહનો દોડાવાય છે ત્યારે તેમણે પોતાના ખર્ચે પોતાના બચાવ માટે આ સીક્યુરીટી રાખવાની ફરજ પડી હતીય ગામમાં તેમનો ઠાઠ જોઈને સૌ કોઈ આશ્ચર્યમાં પડી ગયાં હતાં છે અને તેમને આપેલી સીક્યુરીટીનો પત્ર પણ પોલીસ વિભાગને જાણ માટે આપવામાં આવ્યો છે. આ ઉમેદવારે પોતાની સીક્યુરીટી માટે એવન લાઇન સિક્યોરીટી નામની ગોધરાની સીક્યુરીટી કંપનીમાંથી આ બાઉન્સર રાખ્યાંછે ત્યારે તેનો ખર્ચ કેટલો થશે તે સમજી શકાય તેવી બાબત છે. ઉપરાંત ચુંટણીમાં મતદાન માટે નાંણાની રેલમ છેલ થાય છે તે અલગથી ખર્ચ થશે ત્યારે આ આદિવાસી પછાત આને ગરીબ લેખાતા જિલ્લાની સાહેબી આવી ઘટનાઓ આપો આપ જ વર્ણવી જાય છે. આ સરપંચ પદના ઉમેદવાર માનસીંગભાઈનો વિજય થયો હતો જેમને ૮૨૫ મત મળતાં ૧૨ મતે વિજય થયાં હતાં. માનસીંગભાઈ વિજય થતાં તેમના સમર્થકો અને ટેકેદારો સહિત કાર્યકર્તાઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

# દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે ટ્રેન માંથી ઉતરી ચા પીવા આવેલ નાગપુર નો યુવાન લૂંટાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદમાં બની અજીબ ઘટના નહી ખબર કેટલાક પરપ્રાંતી લોકોને આવી રીતે નિશાન બનાવવામાં આવ્યા હશે. એ તપાસ નો વિષય. રાજકોટ થી નાગપુર જતા નાગપુરની ટ્રેન જ્યારે દાહોદ આવી પોહચી ત્યારે યુવાન ચા પીવા ટ્રેન થી ઉતરી ચા પીવા દાહોદ રેલ્વે સ્ટેશન થી બહાર આવી પોહચ્યો.યુવાન રેલ્વે સ્ટેશનથી બહાર આવતા.ટ્રેન ઉપડી જતા યુવાન દાહોદમાં રોકાવવુ પડ્યું હતું. લોકોથી પૂછતાજ કરતા યુવાન ને બસ મારફતે જવાનું જણાવ્યું હતું. જ્યારે યુવાન દાહોદના બસ સ્ટેશન જવા રવાના થયો ત્યારે યુવાનને બ્લેક કલરમાં આવેલ વગર નબરમાં બેસી આવેલ બે યુવાનોએ રોકયું અને મદદ કરવાનું જણાવ્યું ત્યારે યુવાનને એ બે અજાણ્યા શખ્સો પર શકા જતા એ બે યુવાનોએ

**રાજકોટ થી નાગપુર જતા નાગપુરની ટ્રેનમાંથી ઉતરીલા યુવાન લુંટાયાની ફરિયાદ તંત્રમાં થતાં કલેકટરના પી.એ. દ્વારા યુવાનને આર્થિક રીતે મદદ કરી. કલેકટરના પી.એ. દ્વારા યુવાનને જવા માટેનું ભાડુ તેમજ હાથ ખર્ચના પૈસા આપી મદદ રૂપ થયાં હતા.**

**યુવાનને લૂંટી શરીરે ઈજાઓ મારી દાહોદ થી દુર બાધી ને ફેંકી દેવાયો**

જબરજસ્તી કારમાં બેસાડી મારા મારી કરી શરીરે ઈજાઓ પોહચાડી નાગપુર જવા નીકળેલા યુવાના ખીસામાં મુકેલા ૫.૦૦૦ રૂપિયા લૂંટી યુવાન ને દાહોદ થી દૂર ફેંકી દેવામા આવ્યું હતું.જ્યાં ગામના લોકોએ યુવાન ને અધમરી હાલત માં જોતા ૧૦૮ એમયૂલેન્સ ને જાણ કરી ને યુવાનને દાહોદના સરકારી ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે મોકલી આપ્યું હતું.એ અજાણ્યા બે યુવાનો કોણ છે ક્યાંથી આવ્યા. આવી રીતે પર પ્રાંતી એવા કેટલાક લોકોને નિશાન બનાવી લૂંટીવામાં આવ્યા છે એ તપાસ નો વિસય. હાલ તો યુવક દ્વારા વાત ચિત કરતા યુવાન એ જણાવ્યું કે મને કોઈ ફરિયાદ નહિ કરવી. મને મારા ઘરે જવું છે.

લોક મુખે ચરચાતુ હતુ કે શું રેલવે ના સુરક્ષા અધિકારીઓ સ્ટેશન વારમવાર આવી ઘટનાઓ થાય છે તેને મુકાયેલા CCTV કેમેરા દ્વારા કય કાર્યવાહી કરવામાં આવશે કેમ તે તો આવનારો સમય જ બતાવશે.


Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.103

# પંચમહાલ જીલ્લાની ૩૫૦ ગ્રામ પંચાયતોની ચુંટણીના પરિણામો બીજા દિવસેની વહેલી સવારે જાહેર થયા

- બેલેટ પેપર મત ગણતરીને લઈ પરિણામો જાહેર થતાં લાંબો સમય લાગ્યો.
- શાંતિપૂર્ણ રીતે ચુંટણી પ્રક્રિયા પુરી થતાં જીલ્લા ચુંટણી તંત્રએ રાહતનો શ્વાસ લીધો.

ગોધરા,
પંચમહાલ જીલ્લાના ૭ તાલુકાની ૩૫૦ ગ્રામ પંચાયતો માટે યોજાયેલ ચુંટણીની મતગણતરી ૨૧ ડીસેમ્બરના રોજ હાથ ધરાઈ હતી. જે બીજા દિવસે ૬ વાગ્યા સુધીમાં શાંતિપૂર્ણ માહોલમાં પુરી કરાઈ છે. જીલ્લામં ગ્રામ પંચાયતોના જાહેર થયેલા પરિણામો બાદ કોઈ ધાધલ ધમાલના કિસ્સા સામે નહિ આવતાં જીલ્લા ચુંટણી તંત્ર એ રાહતનો શ્વાસ લીધો.

પંચમહાલ જીલ્લાની ૩૭૨ ગ્રામ પંચાયતોની ચુંટણી જાહેર કરાઈ હતી. તેમાં ૨૨ ગ્રામ પંચાયતો બિનહરીફ સમરસ થવા પામી હતી. જ્યારે ૩૫૦ ગ્રામ પંચાયતો માટે મતદાન યોજાયું હતું અને ૨૧ ડીસેમ્બરના રોજ ૭ તાલુકા મથકો ખાતે ગ્રામ પંચાયતોમાં બેલેટ પેપરથી યોજાયેલ મતદાનની મત ગણતરી હાથ ધરવામાં આવી હતી. ગ્રામ પંચાયતોનું મતદાન બેલેટ પેપરથી થયેલ હોય ત્યારે બેલેટ પેપર મત ગણતરી માટે તાલુકા ચુંટણી અધિકારીઓ દ્વારા મતદાન મથકો



ખાતે બે સેન્ટરો ઉભા કરવામાં આવ્યા હતા. બે મત ગણતરી મથકો ખાતે હાથ ધરાયેલ મત ગણના ખુબ ધીમી ગતિથી ચાલતી હોવાથી હાથ પરિણામો આવવા માટે ઉમેદવારો અને સમર્થકોને લાંબી રાહ જોવી પડી હતી. ધીમી ગતિથી ચાલતી મત ગણતરીને લઈ ગોધરા તાલુકાના મત ગણતરી મથક અને કાલોલ તાલુકા મત ગણતરી મથક ખાતે એક-એક મત ગણતરી સેન્ટર ઉભા કરવામાં આવ્યા હતા. બાદમાં મત ગણતરીમાં તેજી જોવા મળી હતી. તેમ છતાં ગ્રામ પંચાયતોની ચુંટણીમાં બેલેટ મત ગણતરી માટે મુકાયેલ સરકારી કર્મચારીઓને બેલેટ પેપર મત ગણતરીના અનુભવનો અભાવ જોવા મળ્યો હતો. ગોધરા તાલુકાની ૬૫ ગ્રામ પંચાયતોની મત ગણતરી બીજા દિવસે ૬ વાગે પુરી થવા પામી હતી. ગ્રામ પંચાયતોની બેલેટ મત ગણતરીમાં તમામ તાલુકાઓમાં ધીમી ગણતરીની સમસ્યા જોવા મળી હતી. આખરે પંચમહાલ જીલ્લાના ૭ તાલુકાની ૩૫૦ ગ્રામ પંચાયતોના પરિણામો આજરોજ વહેલી સવારે આવી ગયા હતા. પંચમહાલ જીલ્લાની ૩૫૦ ગ્રામ પંચાયતોના પરિણામો બાદ વિજેતા સરપંચ ઉમેદવારો અને સભ્યોના વિજય સરઘસ ડી.જે.ના તાલે ગામમાં ફર્યા હતા. વિજેતા ઉમેદવારોના વિજય સરઘસો દરમિયાન કોઈ ધાંધલ ધમાલ કે મારામારીના બનાવો સામે આવ્યા નથી. જીલ્લાની ૩૫૦ ગ્રામ પંચાયતોની ચુંટણી શાંતિપૂર્ણ માહોલમાં પુરી થતાં જીલ્લા ચુંટણી તંત્ર અને જીલ્લા પોલીસ તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

# શહેરા તાલુકાની ૫૬ ગ્રામ પંચાયતોના પરિણામો જાહેર : શાંતિપૂર્ણ માહોલમાં મતગણતરી પુરી થઈ

શહેરા,
શહેરા તાલુકાની ૫૬ ગ્રામ પંચાયતની ચૂંટણીની મતગણતરી મોડલ સ્કૂલ ખાતે મંગળવાર રોજ રાખવામા આવી હતી. ૫૬ ગ્રામ પંચાયતના પરિણામો જાહેર થતા વિજય થયેલા ઉમેદવારો તેમના સમર્થકો ડી જે ના તાલે ઝુમી રહ્યા હતા. ગ્રામ પંચાયતની ચૂંટણીની મતગણતરી મધરાત્રે સુધી ચાલશે.

શહેરા તાલુકાના અણીયાદ વાઘજીપુર, મોરવા રેણા, સુરેલી, વાડી, વલ્લભપુર



તસ્વીર : તુષાર દરજી, શહેરા

સહિત કુલ ૫૬ ગ્રામ પંચાયતની ચુંટણી રવિવાર ના રોજ યોજાઈ હતી તેની મતગણતરી મંગળવાર ના રોજ સવાર ના નવ વાગ્યે મોડલ સ્કૂલ ખાતે પોલીસ ના ચુસ્ત બંદોબસ્ત શરૂ થઈ હતી. ઉમેદવારો સાથે તેમના સમર્થકો પણ મતગણતરી સ્થળ પર મોટી સંખ્યામા ઉમટી આવ્યા હતા. જેમ જેમ પરિણામ જાહેર થતા ગયા તેમ ઉમેદવારો મા કહી ખુશી કહી ગમ નો માહોલ સર્જાયો હતો વિજય થયેલા ઉમેદવારોને તેમના સમર્થકો ફૂલ હાર પહેરાવી ને અબીલ ગુલાલ ની છોળો ઉંડાઈ ને ડી જે ના તાલે ઝુમતા નજરે પડી રહ્યા હતા. જ્યારે કોઠા ગ્રામ પંચાયતમાં પ્રેમીલાબેન કોળી નો એક મત થી વિજય થતા ચુંટણીનો સ્ટાફ પણ બે ઘડી વિચારમાં પડી ગયા હતા. તાલુકાની ૫૬ ગ્રામ પંચાયતની ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ વિજેતા ઉમેદવારોએ પોતાના મતવિસ્તારમાં વિજય સરઘસ કાઢયા હતા. જોકે આ વખતની ચૂંટણી ઈ.ઈ.વી.એમ. મશીન નહિ પણ બેલેટ પેપરથી યોજાઈ હોવાથી બેલેટ પેપર ગણવામાં પણ ઘણો સમય જતો હોવાથી મતગણતરી મધરાત્રે સુધી ચાલુ રહી હતી. મતગણતરી સ્થળ અને ઉમેદવારોનો વિજય સરઘસ દરમિયાન પોલીસનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ગ્રામ પંચાયતની ચૂંટણીની મતગણતરી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થતા તંત્રને પણ હાશકારો થયો હતો.

# શહેરા તાલુકાની વાડી, તરસંગ અને નરસાણાના વિજેતા ઉમેદવારોએ વિજય સરઘસ કાઢ્યું

શહેરા,
શહેરા ગ્રામ પંચાયતની ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ તાલુકાના વાડી, તરસંગ તેમજ નરસાણા ગામ ના વિજેતા ઉમેદવાર દ્વારા તેમના મત વિસ્તારમાં વિજય સરઘસ કાઢવામાં આવ્યો હતો.

શહેરા તાલુકામાં ૫૬ ગ્રામ પંચાયતની ચૂંટણીની મતગણતરી પૂર્ણ થયા બાદ વિજેતા થયેલા સરપંચના અને વોર્ડ સભ્યોના ઉમેદવારો માં ભારે ખૂશીની લહેર છવાઈ હતી જ્યારે તાલુકાના વાડી તરસંગ તેમજ નરસાણા ગામના



વિજેતા ઉમેદવારો દ્વારા પોતાના મતવિસ્તારમાં વિજય સરઘસ કાઢ્યું હતું. વિજેતા થયેલા ઉમેદવારને તેમના સમર્થકો દ્વારા ફૂહાર પહેરાવીને અભિનંદન પાઠવતા નજરે પડ્યા હતા સાથે નવીન બનેલા સરપંચનું ગામના વિવિધ વિસ્તારમાં ગ્રામજનો દ્વારા આવકાર આપવામાં આવ્યો હતો.

# વેજલપુર ગ્રામ પંચાયત ની ચૂંટણીના પરિણામ મા કહી ખુશી કહી ગમ

વેજલપુર,
કાલોલ તાલુકાની ૪૪ ગ્રામ પંચાયત ની ચૂંટણીનુ મત ગણતરી કાલોલ ખાતે આવેલ એમ. એમ. ગાંધી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે યોજવામાં આવચુ હતુ જેથી કાલોલ તાલુકા ની ૪૪ ગ્રામ પંચાયત ની મત ગણતરી યોજાય હતી જેમાં તમામ લોકોની બાજ નજર વેજલપુર ગ્રામ પંચાયત ઉપર હતી અને કાલોલ ખાતે ૪૪ ગ્રામ પંચાયતનું મતો ની મત ગણતરી કરવામાં આવી હતી જેમા સ્વથી છેલ્લા નંબર ઉપર વેજલપુર ગ્રામ પંચાયત ની મતો ની મત ગણતરી કરવામાં આવી હતી



તસ્વીર : નુર બાલા, વેજલપુર

જેથી બીજા દિવસે સવાર ના નવ વાગી ગયા હતા જેમા વેજલપુર ગામ વિસ્તાર ના ૧૪ વોર્ડ આવેલા છે જેમા બનને પેનલ ના ઉમેદવારો એ ઉમેદવારી નોંધાવી હતી અને તમામ ઉમેદવારો એ એડી ચોંટી નુ જોર લગાવી દીધુ હતુ જેથી બનને પેનલ ની કટો કટી ની લીડ મા બનને પેનલ ના સાત સાત સભ્યો ખરા ખરી ની જીત ની લીડ હાસલ કરી હતી એટલે કે બનને પેનલ ના ફિફટી ફિફટી સભ્યો ચૂંટાય આવ્યા હતા અને સરપંચ પદ ઉપર સુગરી બેન નાયક નો વિજય થયો હતો જેથી ગામમા બનને પક્ષ એ ગામમા ડી જે સાથે રેલી કાઢી હતી અને બીજી પેનલ સાત સભ્યો એ આખા ગામમા ભવ્ય રેલી કાઢી ને ડી જે ના તાલે નાચયા હતા અને સાતે સાત સભ્યો એ તેમના તમામ મતદારોની ઘરે ઘરે જઈને મુલાકાત લય તમામ મતદારો નો આભાર વ્યક્ત કર્યો હતો જેથી ગામનો કયક અનોખો રંગ જોવા મળિયો હતો.

- વેજલપુર ગામમા બનને પેનલ ના સાત સાત સભ્યો ચૂંટાય આવતા વેજલપુર ગામમા કોણ ડેપ્યુટી સરપંચ બનશે તે જોવુ રહયુ.
- વેજલપુર ગામમા બન્ને પેનલ ના સાત સાત સભ્યો ચૂંટાય આવતા વેજલપુર ગામનો કયા કયા સભ્યો વિકાસ કરશે તે હવે આવનારો સમયજ બતાવશે.

# બરોડા ગુજરાત ગ્રામિણ બેંકના ખાતેદારના મૃત્યુબાદ જીવન જ્યોતિ વિમા યોજના અંગેના કાગળો કરી પરિવારને ચેક અપાયો



ગોધરા,
બરોડા ગામ બામરોલી ખુર્દ તા.ગોધરાના વતની પટેલ જસવંતભાઈ દલસુખભાઈનું અવસાન નવેમ્બર ૨૦૨૦માં થયેલ હતું. પરંતે તેમનું બેંકમાં ખાતું ચાલું હતું. જે બંધ કરાવવા માટે તેમના વારસદાર વિધવા પટેલ ઉર્મીલાબેન જસવતંભાઈ આવતા ખબર પડી કે તેમનું મૃત્યુ થયેલ હોય તેમનું ખાતું બંધ કરવાનું છે. જેથી તેમના ખાતામાં તપાસ કરતાં તેમના પ્રધાનમંત્રી જીવન જયોતિ વિમા યોજનાનું પ્રિમીયમ ૩૩૦ રૂપીયા કપાયેલ હોય તેની જાણકારી બેંક કર્મચારી દ્વારા શાખા મેનેજર વૈશાલીબેન તિવારીને આપવામાં આવેલ અને બેંક મેનેજર એ તાત્કાલીક જરૂરી કાગળો મંગાવીને વિમા રકમનો બે લાખનો ચેક તૈયાર કરાવીને બેંક મેનેજર વૈશાલીબેન તિવારીએ પંડ્યા મેડીકલ સ્ટોર્સના માલિક દિનેશભાઈ પંડયા તથા સહજાનંદ હાર્ડવેરના માલિક કિરણભાઈ પટેલની હાજરીમાં જસવંતભાઈ દલસુખભાઈ પટેલના વિધવા ઉર્મીલાબેન ને બે લાખનો ચેક આપતા તેમના પરિવારમાં ખુશી છવાઈ ગઈ હતી.

# ગોધરાના રાયસિંગપુરા પંચાયતમાં સરપંચ પદે વકીલ કમલેશભાઈ પરમારે મેદાન માર્યું



ગોધરા,
તાજેતરની ગ્રામપંચાયત સરપંચ પદની ચૂંટણી ગોધરા તાલુકાના રાયસિંગપુરા/રાણીપૂરા ગ્રામ પંચાયતમાં સરપંચ પદે ગામના યુવા ઉમેદવાર કમલેશકુમાર કે પરમારે મેદાન માર્યું છે. પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરાના (ગદૂકપૂર) ખાતે આવેલી પોલિટેકનિક કોલેજમાં તાલુકાની ગ્રામ પંચાયતોની મતગણતરી રાખેલ હતી, જેમાં રાયસિંગપુરા/રાણીપુરા ગામના સેવાભાવી પૂર્વ સરપંચ કમલેશકુમાર કાંતિલાલ પરમાર જંગી બહુમતી સાથે વિજયી જાહેર થયા છે. ગામનાં યશસ્વી અને ઉત્સાહી ઉમેદવાર કમલેશ કે. પરમાર (વકીલ)ની ભવ્ય જીત થતાં ગ્રામજનોમાં પસંદગીના સરપંચની જીતથી ખુશીની લહેર ફરી વળી છે. તેમની આ સિદ્ધિ અને લોકચાહનાના વીજય બદલ રાયસિંગપુરા/રાણી પૂરા ગામના અનેકોએ શુભકામનાઓ પાઠવી છે.

દાહોદમાં બી.એડ. કોલેજ ખાતે ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા ગ્રાહક જાગૃતિ સપ્તાહ નિમિત્તે રાષ્ટ્રીય ફોરમ માં કરી શકાય તે માટે ગ્રાહક જાગૃતિ ની માહિતી તાલીમાર્થીઓ સમક્ષ આપી હતી.




# અખિલ ભારત હિન્દુ મહાસભાના ગુજરાત પ્રભારી તરીકે આશિષ પટેલની નિમણૂંક

ગોધરા,
અખિલ ભારત હિન્દુ મહાસભાના ગુજરાતના પ્રભારી તરીકે આશિષકુમાર નાનજીભાઈ પટેલની નિયુકિત કરવામાં આવી છે. ગુજરાત રાજયમાં પ્રભારી તરીકે ગોધરાના આશિષ પટેલની નિમણૂંક થતાં આગામી સમયમાં હિન્દુ મહાસભાના વિચારોને લોકો સુધી લઈ હિતલક્ષી કામો કરશે.



## દાહોદ જીલ્લામાં દારૂબંધીના નિયમના ધજાગરા

# દે.બારીયાના રાતડીયા ગામના વિજેતા ઉમેદવારના વિજય જશ્નમાં ખુલ્લામાં દારૂની મહેફીલનો વિડીયો વાયરલ

દાહોદ,
દાહોદ જીલ્લામાં ગ્રામ પંચાયતોની ચુંટણીમાં વિજેતા ઉમેદવારની વિજય સરઘસમાં દારૂ પાર્ટી સાથે જશ્નનો વિડીયો વાયરલ થયો. વિજય સરઘસમાં લોકો ખુલેઆમ દારૂની પાર્ટી કરતાં જોવા મળ્યા તે જોતાં દારૂબંધીના નિયમોની જાહેરમાં ધજાગરા ઉડયા.

દાહોદ જીલ્લાના ગ્રામ પંચાયતોની યોજાયેલ ચુંટણી માટેની મત ગણતરી જે તે તાલુકા મથકો ખાતે હાથ ધરવામાં આવી હતી. જેમ પરિણામો આવતાં ગયા તેમ વિજેતા ઉમેદવારોના વિજય સરઘસોમાં મોટી સંખ્યામાં સમર્થકો સાથે કાઢવામાં આવ્યા હતા. જેમાં દે.બારીયાના રાતડીયા ગામના વિજેતા ઉમેદવારના



વિજય જશ્નમાં દારૂબંધીના ધજાગરા ઉડાવવામાં આવ્યા હતા. વિજય જશ્નમાં લોકો ખુલેઆમ દારૂની મહેફીલ માણતા જોવા મળ્યા. વિજય જશ્નમાં સમર્થકો હાથમાં બિયરની બોટલો સાથે ખુલેઆમ ફરતા અને પીતા હોય તેવા વિડીયો વાયરલ થતા દાહોદ જીલ્લામાં દારૂબંધીનો ફીયાસ્કો થતો જોવા મળ્યો છે.

# હાલોલ પાલિકાએ ફાયર NOC ન ધરાવતા માન સરોવર કોમ્પ્લેક્સની કોમર્શીયલ દુકાનો સીલ કરતાં લોકોમાં રોષ

હાલોલ,
હાલોલ બગીચા સામે આવેલ માન સરોવર કોમ્પ્લેક્સમાં ફાયર એન.ઓ.સી. માટે પાલિકા દ્વારા છ મહિના અગાઉ નોટીસ આપવામાં આવી હતી. તેમ છતાં ફાયર એન.ઓ.સી. નહિ મેળવતાં કોમ્પ્લેક્સના ગ્રાઉન્ડ ફલોરની કોમર્શીયલ દુકાનોને સીલ કરવામાં આવ્યા.

હાલોલ બગીચા સામે અને નગર પાલિકા કચેરીની નજીક માનસરોવર કોમ્પ્લેક્સ જે ૧૯૯૧માં તૈયાર થયેલ છે. નગર પાલિકા દ્વારા માનસરોવર કોમ્પ્લેક્સને ફાયર એન.ઓ.સી. માટે નોટીસ આપવામાં આવી



હતી. તેમ છતાં માનસરોવર કોમ્પ્લેકસમાં ફાયર એન.ઓ.સી.લેવામાં આવી ન હોય જેને લઈ હાલોલ પાલિકા ચીફ ઓફિસર અને સ્ટાફ દ્વારા કોમ્પ્લેક્સના ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ ૬૦ જેટલી કોમર્શીયલ દુકાનોને સીલ કર્યા છે. માનસરોવર કોમ્પ્લેક્સના પ્રથમ અને બીજા માળે ૬૦ જેટલા રહેણાંક મકાન આવેલ છે. તેવા રહીશોના કહેવા પ્રમાણે હાલો પાલિકા દ્વારા ફાયર એન.ઓ.સી.માટે નોટીસ આપી નથી. તેમ જણાવી રહ્યા છે. હાલોલ પાલિકા વિસ્તારમાં આવેલ મોટાભાગના કોમ્પ્લેક્સમાં ફાયર સેફટી ઈન્સ્ટોલ કરવામાં આવી નથી અને જે કોમ્પ્લેક્સમાં ફાયર સેફટી ઈન્સ્ટોલ કરાવી છે. તેમને એન.ઓ.સી. મળી નથી. ફાયર વિભાગ વડોદરા ઝોન દ્વારા એન.ઓ.સી. આપવામાં આવતી નથી. તેમ છતાં હાલોલ પાલિકા દ્વારા ફાયર એન.ઓ.સી.ના નામે બાંધકામો સીલ કરવાની કામગીરી કરતા લોકોમાં પાલિકા સામે રોષ વ્યકત કરી રહ્યા છે.